## ગુજરાત સ્ટેટ ફૂટસાલ કલબ ચેમ્પિયનશીપ : ૩૧ મે ૨૦૨૩

# ગર્લ્સ ફૂટસાલમાં એ. આર. એ. ફૂટબોલ કલબે શાર્પશૂટર ફૂટબોલ કલબને ચાર વિરુદ્ધ ત્રણ ગોલથી હરાવી ચેમ્પિયન ટ્રોફી મેળવી

**પુરૂષ વર્ગમાં બરોડા ફૂટબોલ એકેડેમી અને એ.આર.એ.ફૂટબોલ કલબ વચ્ચેની ફાઈનલમાં બરોડા ફૂટબોલ એકેડેમી ત્રણ વિરૂદ્ધ બે ગોલથી વિજેતા : ધારાસભ્ય શૈલેષ મહેતાના હસ્તે ટ્રોફી અને મેડલ વિતરણ થયું**






(પ્રતિનિધિ દ્વારા)
વડોદરા તા.૧
અત્રે વડોદરાના આંગણે ભવ્ય સમા ઈનડોર સ્ટેડિયમમાં શરૂ થયેલી જી.એસ.એફ.એ.ની ગુજરાત સ્ટેટ ફૂટસાલ ચેમ્પિયનશીપમની બે ફાઈનલ મેચો ૩૧ મે બુધવારે રમાઈ જતાં ૨૪ મેથી શરૂ થયેલી આ ટુર્નામેન્ટનુંદબદબાભેર સમાપન થયું હતું. ગર્લ્સ ફૂટસાલની ફાઈનલ અમદાવાદની એ.આર.એ.ફૂટબોલ કલબ અને શાર્પશૂટર ફૂટબોલ કલબ વચ્ચે રમાઈ. તેમાં એ.આર.એ.ફૂટબોલ કલબે શાર્પશૂટર ફૂટબોલ કલબને ચાર વિરૂદ્ધ ત્રણ ગોલથી હરાવી ચેમ્પિયન ટ્રોફી મેળવી લીધી. પ્રથમ હાફમાં જ બન્ને ટીમોએ પોતપોતાના ગોલ કરી લીધા હતા અને બીજા હાફમાં બેમાંથી કોઈ ટીમ વધારાના ગોલ ન કરી શકી. એ.આર.એ.ની ઈશિતાને પ્લેયર ઓફ ફાઈનલ મેચ ઘોષિત કરવામાં આવી. શાર્પશૂટરની શિખા દેવીને ગોલકીપર ઓફ ધ ટુર્નામેન્ટનો ખિતાબ અને મધુને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો ખિતાબ એનાયત થયો. પુરૂષ વર્ગની ફાઈનલમાં બે સજ્જડ ટીમો બરોડા ફૂટબોલ એકેડેમી અને એ.આર.એ.ફૂટબોલ કલબ સામસામે ટકરાઈ. રસાકસી ભરેલી મેચમાં સ્થાનિક વડોદરાની બરોડા ફૂટબોલ એકેડેમીએ અમદાવાદની એ.આર.એ. ફૂટબોલ કલબને ૩ વિરૂદ્ધ બે ગોલથી પરાજિત કરી. બન્ને ટીમોએ પહેલા હાફમાં એક એક ગોલ કર્યો. એ.આર.એ.ની ટીમે બીજા હાફમાં પણ એક ગોલ કર્યો. પરંતુ બરોડા ફૂટબોલ એકેડેમીએ સેકન્ડ હાફમાં બે ગોલ કરીને રમત ઉપર કાબૂ મેળવીને જીત હાસિલ કરી. પ્રથમેશને મેન ઓફ ધ મેચ, સ્ટીફન ફર્નાન્ડીઝને ગોલકીપર ઓફ ધ મેચ અને રુદ્ર છેત્રીને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ ઘોષિત કરવામાં આવ્યા. બુધવારે બન્ને વર્ગની ફાઈનલ મેચો રમાઈ ગયા બાદ ટ્રોફી વિતરણ કાર્યક્રમ વિશેષ અતિથિ ધારાસભ્ય શૈલેષ મહેતાના હસ્તે યોજાયો. જી.એસ.એફ.એ. વતી વાઈસ પ્રેસિડેન્ટ હનીફ જીનવાલા, સેક્રેટરી મૂળરાજ સિંહ ચુડાસમા, સંદીપ દેસાઈ, દિવ્યરાજ સિંહ, જતીન ભાવસાર વગેરેએ સમગ્ર આયોજનને સફળ બનાવ્યું હતું.

# જૂનાગઢમાં શ્યામ મહિલા મંડળ દ્વારા કેરી વિતરણ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧
ભારતીય સંસ્કૃતિમાં દરેક તહેવારનું અનેરૂ મહત્વ હોય છે. જેમ કે ભીમ અગિયારસ નિમિત્તે દાન પુણ્યનો મહત્વ છે. જેથી શ્યામ મહિલા મંડળ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા પરિવારોમાં ભીમ અગિયારસનો તહેવાર આનંદ ઉત્સવથી ઉજવે તે માટે ભીમ અગિયારસના તહેવાર નીમિતે શ્યામ મહિલા મંડળની બહેનોના આર્થિક સહયોગથી ગરીબ પરિવારને કેરી વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્યામ મહિલા મંડળની બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. ઝુપડપટ્ટીમાં રહેતા ૫૦ જેટલા ગરીબ પરિવારને બહેનોએ પ્રમુખ મીનાબેન ધીરૂભાઈ ગોહેલના અધ્યક્ષ સ્થાને કેરી વિતરણ કરીને તેની ખુશીમાં સહભાગી બની ધન્યતાની લાગણી અનુભવી હતી. આ પ્રસંગે શ્યામ મહિલા મંડળના મંત્રી અરૂણાબેન ભાલીયા, ખજાનચી છાયાબેન ચોટલીયા, પારૂલબેન જેઠવા, સંધ્યાબેન રાઠોડ, કંચનબેન ચૌહાણ, પારૂલબેન સાપરા, લીલાબેન કાચા, દક્ષાબેન પરમાર, જિજ્ઞાબેન ચોટલીયા, ચાંદનીબેન ચાવડા, રેખાબેન ચોટલીયા, પ્રિયંકાબેન આજકિયા, માલતીબેન રાઠોડ, છાયાબેન વાઘેલા, નયનાબેન ટાંક ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા કન્વિનર કિશોરભાઈ ચોટલીયા અને ભાલીયા દ્વારા જહેમત ઉઠાવી હતી.

## જૂનાગઢ : જાજલ પરિવારનું ગૌરવ



જૂનાગઢ, તા.૧
જૂનાગઢના સ્વામીનારાયણ ગુરૂકુળમાં અભ્યાસ કરતા ધો.૧૦માં હર્ષ નિલેશભાઈ જાજલે ૮૪.૭૭ પીઆર અને ૭૨.૬૬ ટકા મેળવીને જાજલ પરિવારનું ગૌરવ વધારેલ છે. હર્ષ નિલેશભાઈ જાજલે ગુજરાતીમાં ૬૮ અને બી-૨ ગ્રેડ પ્રાપ્ત કરેલ છે. જયારે સોશ્યલ સાયન્સમાં ૬૭ ગુણ મેળવી બી-૨ ગ્રેડ મેળવેલ છે. સાયન્સ વિષયમાં ૬૯ માર્કસ અને બી-૨ ગ્રેડ તેમજ ઈંગ્લીશમાં ૮૬ ગુણ એ-૨ ગ્રેડ મેળવેલ છે. જયારે સંસ્કૃતમાં ૭૭ ગુણ અને બી-૧ ગ્રેડ પ્રાપ્ત કરેલ છે. જયારે બેઝીક મેથ્સમાં ૬૯ ગુણ અને બી-૨ ગ્રેડ મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે. ત્યારે આ વિદાર્થીને અભિનંદન સાથ શુભકામના પાઠવવામાં આવી રહી છે.

# ધંધુસર, બાંટવા, કેશોદ, વિસાવદર અને ભેંસાણમાં જુગાર અંગે દરોડા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા. ૧
વંથલી પોલીસે ધંધુસર ગામે ચાંડેલા ફળીયામાં રહેતાં રાંભીબેન ઓડેદરાનાં રહેણાંક મકાનમાં જુગાર અંગે રેડ કરતાં રાંભીબેન ઓડેદરા, માલીબેન દિવરાણીયા, લાભુબેન દિવરાણીયા, શોભનાબેન બાણોગરીયા, શોભનાબેન સંતોકી, રંજનબેન તારપરા, પારૂબલનો ધકા, જશુબેન દિવરાણીયાને રોકડ રકમ રૂા. ૨૯૪૬૫ તથા મોબાઈલફોન-૬ મળી કુલ રૂા. ૫૨૯૬૫નાં મુદામાલ સાથે વંથલી પોલીસે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત વધુ તપાસ હાથ ધરી છે.

બાંટવા

બાંટવાનાં રજપુત સામાજ પાસે જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને રોકડ રૂા. ૧૦૪૩૦ સાથે બાંટવા પોલીસે ઝડપી લીધેલ છે.

કેશોદ

કેશોદ તાલુકાનાં બાલાગામ ગામે જાહેરમાં જુગાર રમતા ૩ શખ્સોને રોકડ રૂા. ૪૭૬૦ સાથે ઝડપી લીધેલ છે.

જયારે ૬ શખ્સો નાસી જતાં તેને ઝડપવા કેશોદ પોલીસે ચક્રો ગતીમાન કરેલ છે.

વિસાવદર

વિસાવદર પોલીસે કાંબરાકાંઠે જાહેરમાં જુગાર રમતા ૩ શખ્સોને રોકડ રૂા. ૫૧૫૦ સાથે વિસાવદર પોલીસે ઝડપી લીધેલ છે. તેમજ ખોડીયારપરાથી જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સોને રોકડ રૂા. ૪૬૫૦ સાથે વિસાવદર પોલીસે ઝડપી લીધેલ છે.

ભેંસાણ

ભેંસાણ તાલુકાનાં ધારી ગુંદાળી ગામે જાહેમાં જુગાર રમતા પાંચ શખ્સોને રોકડ રૂા. ૫૦૬૦ સાથે ભેંસાણ પોલીસે ઝડપી લીધેલ છે.

કેશોદ : વરલી ભકત ઝડપાયો

કેશોદનાં કસ્તુરબા શેરીમાં જાહેરમાં વરલી મટકાનો જુગાર રમતા રજનીકાંત ઉર્ફે રાજુ દેવાણીને રોકડ રૂા. ૮૭૦ મોબાઈલ મળી કુલ રૂા. ૫૮૭૦નાં મુદામાલ સાથે કેશોદ પોલીસે ઝડપી લીધેલ છે.

# ભાણવડના ડ્રગ્સ પ્રકરણમાં બે વર્ષથી ફરાર આરોપીને મુંબઈથી દબોચી લેતી એસ.ઓ.જી. પોલીસ



(કુંજન રાડિયા દ્વારા)
જામખંભાળિયા તા.૧
દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પંથકમાં આજથી આશરે બે વર્ષ પૂર્વે ઝડપાયેલા આશરે સવાસો ગ્રામ જેટલા ડ્રગ્સના કેસમાં નાસતા ફરતા અનેકુખ્યાત એજાજ લાકડાવાલા ગેંગના સભ્યને જિલ્લા એસ.ઓ.જી. પોલીસે મુંબઈ ખાતેથી દબોચી લીધો હતો. આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ ભાણવડના ત્રણ પાટિયા પાસેથી વર્ષ ૨૦૨૧ માં ૧૨૪.૫ ગ્રામ એમ.ડી. ડ્રગ્સનો જથ્થો પોલીસને સાંપડ્યો હતો. રૂપિયા ૧૨.૪૫ લાખના આ એમ.ડી. ડ્રગ્સ પ્રકરણમાં મહમદખાલીદ અસગરઅલી ખાન નામના શખ્સની સંડોવણી પણ ખુલવા પામી હતી. જેથી પોલીસે તેને ફરાર ગણી, તપાસ આરંભી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. પોલીસે તાજેતરમાં ખંભાળિયા પાસેથી ૧૭.૬૫૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સના જથ્થા સાથે જામનગરના અને ત્યાર બાદ મુંબઈના એક શખ્સને ઝડપી લીધા બાદ એસ.ઓ.જી. પોલીસ દ્વારા મુંબઈ ખાતે કરવામાં આવી રહેલી કામગીરી અંતર્ગત એસ.ઓ.જી.ના હેડ કોન્સ્ટેબલ કિશોરભાઈ ડાંગરને મુંબઈ ખાતેના ખાનગી બાતમીદાર વડે મળેલી માહિતી મુજબ મુંબઈના અલકાપુરી વિસ્તારમાં આવેલા મુસ્કાન બિલ્ડીંગ ખાતેથી બે વર્ષ પૂર્વેના એમ.ડી. ડ્રગ્સ પ્રકરણ આરોપી મહમદખાલીદ અસગરઅલી ખાનને તેના રહેણાંક વિસ્તારમાંથી દબોચી લેવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ઝડપાયેલો મહંમદખાલીદ અસગરઅલી મુંબઈમાં પણ અસંખ્ય ગુના આચરવામાં સક્રિય એવી એજાજ લાકડાવાલા ગેંગનો સભ્ય છે. જેથી અસંખ્ય વસૂલી, લૂંટ, અપહરણ, હત્યા, મારી નાખવાના પ્રયાસ તથા હથિયારબંધીના ગુનાઓ આચારવા બદલ મહારાષ્ટ્ર સરકાર દ્વારા પણ તેની સામે સુનિયોજિત ગુના અંગેનો એમ.સી.ડી.સી.એ. કાયદો લગાડવામાં આવ્યો હતો. એટલું જ નહીં, મુંબઈમાં પણ તેની સામે એમ.ડી. ડ્રગ્સનો જથ્થો રાખવા સબબનો ગુનો નોંધાયો છે. ઝડપાયેલા આ શખ્સને ખંભાળિયા લાવી, અને અહીં રિમાન્ડ સહિતની કાર્યવાહી કરવામાં આવશે. આ સમગ્ર કાર્યવાહી દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સિંગરખીયા, એ.એસ.આઈ. હરપાલસિંહ જાડેજા, નિર્મલભાઈ આંબલીયા, કિશોરસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ રાઠોડ, કિશોરભાઈ ડાંગર તથા વિજયસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

## મેંદરડાના ચીરોડા નજીક અજાણ્યા વાહન ચાલકે મોટરસાઈકલને હડફેટે લેતા એકનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
મેંદરડા તા.૧
મેંદરડા તાલુકાના ચિરોડા ગામે રોડ ઉપર અમીતભાઈ બાબુભાઈ ઉર્ફે ભીમભાઈ ચાવડા(ઉ.વ.૨૫) પોતાની હોન્ડા કંપનીની મોટરસાઈકલ જીજે-૧૧-બીજી-૭૧૫૦ લઈને મેંદરડા બસ સ્ટેન્ડ ખાતે ભત્રીજાને તેડવા આવતા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેફીકરાઈથી ચલાવી અને અમીતભાઈને હડફેટે લઈ શરીરે નાની-મોટી ગંભીર ઈજા કરી તેનું મોત નિપજાવી નાસી ગયા અંગેની જાણ વિરલભાઈ બાબુભાઈ ઉર્ફે ભીમભાઈ ચાવડા રહે. જામવાળા તાલુકા વિસાવદર વાળાએ પોલીસને કરતા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ મેંદરડાના પીએસઆઈ કે.એમ. મોરી ચલાવી રહ્યા છે.

# ૫ જૂન - વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં અંબાજી ખાતે કરાશે

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હી ખાતેથી MISTHI(મેન્ગ્રુવ ઈનિશિયેટીવ ફોર શોરલાઈન હેબીટાટ અને ટેંજીબલ ઈનકમ) યોજના લોન્ચ કરશે**

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૧
રાજ્ય સરકારના પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં અંબાજી ખાતે ૫ જૂન-વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરાશે. આ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હી ખાતેથી **MISTHI** (મેન્ગ્રુવ ઈનિશયેટીવ ફોર શોરલાઈન હેબીટાટ અને ટેંજીબલ ઈનકમ) યોજના લોન્ચ કરશે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આ દિવસે રાજ્યના ૭૫ ગામોમાં સ્થાનિક ઉદ્યોગગૃહોની મદદથી પ્લાસ્ટીક એકત્રિકરણની કામગીરીનો પ્રારંભ કરાશે તથા તે પૈકીના ચાર ગામોના સરપંચઓનું સન્માન કરાશે. **MISTHI** યોજનાના પરિપ્રેક્ષ્યમાં ગુજરાતના ૧૧ દરિયાકિનારાના જિલ્લાઓમાં વિવિધ ૨૫ સ્થળોએ કાર્યક્રમો યોજી વડાપ્રધાનના દિલ્હી ખાતેના કાર્યક્રમનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. ઉપરાંત ૨૫ જગ્યાઓ ઉપર સ્થાનિક સંસદ સભ્યઓ, ધારાસભ્યઓ તથા અન્ય પદાધિકારીઓને આમંત્રિત કરી મેન્ગ્રુવ વાવેતરનો પ્રારંભ કરવામાંઆવશે. મંત્રીએવધુમાં ઉમેર્યું હતું કે, ગીર સોમનાથ, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, નડિયાદ, પંચમહાલ, બનાસકાંઠા, ભાવનગર અને સાબરકાંઠા જિલ્લાના પવિત્ર યાત્રાધામ સ્થળોએ વૃક્ષારોપણની ઝુંબેશ હાથ ધરાશે. ઉપરાંત અમરેલી, અરવલ્લી, ગાંધીનગર, છોટાઉદેપુર, ડાંગ, તાપી, દાહોદ, નર્મદા, પાટણ, પોરબંદર, મહિસાગર, મહેસાણા, રાજકોટ, વડોદરા અને સુરેન્દ્રનગર જિલ્લાની પસંદગીની શાળાઓમાં વૃક્ષારોપણ કરાશે. રાજયભરમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઊજવણીના વિવિધ કાર્યક્રમોમાં સ્થાનિક સંસદ સભ્યો, ધારાસભ્યો તથા અન્ય પદાધિકારીઓ સહભાગી થશે.

# રાજ્યમાં તાલુકા દિઠ એક ગામ સ્માર્ટ વિલેજ તરીકે વિકસાવવાની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું મહત્વપૂર્ણ કદમ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા રૂર્બન કોન્સેપ્ટ આત્મા ગામડાનો સુવિધા શહેરોની વિચારધારા સાકાર કરતી સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત ૧૬ જિલ્લાની ૩૫ ગ્રામ પંચાયતો સ્માર્ટ વિલેજ જાહેર : સ્માર્ટ વિલેજને મળશે પાંચ લાખ રૂપિયાની પુરસ્કાર રકમ ગ્રામ પંચાયતના વિકાસ કામો માટેના સ્વભંડોળમાં આ રકમ ઉપયોગમાં લેવાશે**

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૧
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં તાલુકા દિઠ એક ગામ સ્માર્ટ વિલેજ બનાવવાના વિકાસલક્ષી અભિગમ સાથે ૧૬ જિલ્લાના ૩૫ ગામોને સ્માર્ટ વિલેજ જાહેર કર્યા છે. આ ગામો રાજ્ય સરકારની સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજના અન્વયે પસંદ કરાયેલા ગામો છે. સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજનામાં પસંદ થયેલા આ ગામોના સર્વાંગી વિકાસ માટે ગ્રામ પંચાયત દિઠ પાંચ લાખ રૂપિયાની પુરસ્કાર રકમ આપવામાં આવશે. એટલું જ નહિ, આ ગામોને વિકાસ કામો માટેના સ્વભંડોળનો આ પુરસ્કાર રાશિ ભાગ બનશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ગામોને શહેરો સમકક્ષ સ્માર્ટ, સસ્ટેઈનેબલ અને સુવિધાયુકત બનાવવાની નેમ સાથે રૂર્બન-આત્મા ગામનો સુવિધા શહેરની નો વિચાર આપેલો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનની આ વિચારધારાને આગળ ધપાવતાં સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજનાને વધુ વ્યાપક સ્વરૂપે વિસ્તારી છે. મુખ્યમંત્રીના દિશાદર્શનમાં તૈયાર થયેલી સ્માર્ટ વિલેજ યોજનામાં આવા સ્માર્ટ વિલેજની પસંદગી માટેના જે ધોરણો નિર્ધારીત કરાયાં છે તેમાં ગામમાં અદ્યતન ટેક્નોલોજીનો વિનિયોગ, ગ્રામીણ જીવનશૈલીને જાળવી રાખીને ગ્રામજનોના ક્વોલિટી ઓફ લાઈફમાં સુધારો કરવો તેમજ ગામના આર્થિક, સામાજીક અને પર્યાવરણીય મૂલ્યના સંવર્ધન સાથે માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવાનો ધ્યેય રાખેલો છે. આવા સ્માર્ટ વિલેજ અન્ય ગામો માટે "ગુડ ગવર્નન્સ"ના મોડેલ ગામ અને ટુરિઝમ સ્થળ તરીકે વિકસે તથા એક્શન લેબોરેટરી તરીકે કાર્ય કરે તેવો હેતુ પણ રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૬ જિલ્લાની જે ૩૫ ગ્રામ પંચાયતોને સ્માર્ટ વિલેજ જાહેર કર્યા છે. આવા સ્માર્ટ વિલેજ પસંદગી માટેના ધોરણોમાં ગામ રોડથી જોડાયેલું હોય, રોડથી તદન નજીકમાં હોય, ગામ શક્ય હોય ત્યાં સુધી સ્ટેટ હાઈવે ઉપર હોય, પ્રાથમિક સુવિધા તરીકે પાકા રસ્તા અને ગટર વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ તેમજ સંપૂર્ણ સફાઈ થતી હોય અને ગામની વસ્તી ૨૦૦૦ થી ૬૦૦૦ સુધીની હોય તે માપદંડો ધ્યાને લેવામાં આવેલા છે. આ ધોરણો ધરાવતા ગામોએ જે ૧૧ માપદંડો પરિપૂર્ણ કર્યા છે. તેમાં (૧) સરસ ગ્રામ વાટિકા/ગાર્ડન (૨) ફરજિયાત ડોર ટુ ડોર કલેકશન (૩) દરેક ઘરે પીવાના પાણીનું નળ કનેક્શન (૪) પંચાયત વેરા વસુલાત (૫) રસ્તા ઉપર ઉકરડા ન હોય અને રસ્તાઓ નિયમિત સાફ થાય (૬) સ્માર્ટ ઈ-ગ્રામ સેન્ટરની સુવિધા (૭) ગ્રામ પંચાયત કચેરી ઉપર સોલર રૂફટોપ (૮) ઓપન ડેફીકેશનફ્રી વિલેજ (૯) ગ્રામ પંચાયત દ્વારા લાઈટબીલ ભરવાની નિયમિતતા (૧૦) ગામમાં ગટર બનાવવી (૧૧) ગામતળના પાકા રસ્તા વગેરેને આવરી લેવાયા છે. આવા ૧૧ માપદંડો પરિપુર્ણ કરતી ગ્રામ પંચાયતો દ્વારા સ્પર્ધામાં ભાગ લેવા માટે નિયત કરાયેલ ફોર્મ ભરવામાં આવેલા તેમાં બેઝ યર તરીકે વર્ષ ૨૦૨૨-૨૩ લેવામાં આવ્યું હતું. આવા ગામો પસંદ કરતાં પૂર્વે ગ્રામ પંચાયત દ્વારા ભરેલ ફોર્મ અન્વયે તાલુકા કક્ષાની સમિતિએ રૂબરૂ મુલાકાત લઈ પ્રાથમિક ચકાસણી કરી હતી અને એ પ્રમાણે ગુણ આપી પોતાના અભિપ્રાય સાથેની યાદી રાખી જીલ્લા કક્ષાની સમિતિમાં દરખાસ્ત મોકલી આપી હતી. આ ફોર્મના આધારે મેરીટના બેઝ ઉપર સ્માર્ટ વિલેજની પસંદગી જીલ્લા કક્ષાની સમિતિ દ્વારા કરવામાં આવી છે. ૯૦% ગુણ મેળવેલ ગ્રામ પંચાયતોને થર્ડ પાર્ટી વેરીફીકેશન કરાવ્યા પછી જ પુરસ્કાર/પ્રોત્સાહક રકમ જાહેર કરવામાં આવ્યા છે. આ સમગ્ર અમલીકરણ પ્રક્રિયા પુર્ણ થયા બાદ, લઘુત્તમ ૯૦ માર્કસ મેળવેલ હોય તેવી ગ્રામ પંચાયતો પૈકી મહત્તમ મળેલ માર્કસના આધારે તાલુકા દીઠ એક ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજ તરીકે જાહેર કરવામાં આવી છે.

## વિશ્વ પર્યાવરણ દિવસ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "મિષ્ટી" પ્રોજેકટ અન્વયે નવલખીના દરિયાકાંઠે ૨ હેકટર વિસ્તારમાં ચેરનું વાવેતર કરાશે

(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા.૧
તા. ૫ જૂન, ૨૦૨૩ એટલે કે વિશ્વ પર્યાવરણ દિવસના રોજ ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દરિયા કિનારો ધરાવતા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓછામાં ઓછા ૭૫ સ્થળોએ મેન્ગ્રોવ પ્લાન્ટેશન/પુનઃ સંગ્રહ અભિયાન હાથ ધરવામાં આવશે. ગુજરાત રાજયમાં અમદાવાદ, આણંદ, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, નવસારી, ભરૂચ, ભાવનગર, મોરબી, વલસાડ અને સુરત એમ ૧૧ જિલ્લાઓમાં ૨૫ સ્થળે "મિષ્ટી" કાર્યક્રમ હેઠળ મેન્ગ્રોવ (ચેર)નું વાવેતર કરવામાં આવશે. દરિયાકિનારાના પ્રદેશોમાં પર્યાવરણ સંરક્ષણ માટે ચેર ખૂબ જ મહત્વનું હોવાથી કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા "મિષ્ટી" પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. નવેમ્બર, ૨૦૨૨માં ઈજિપ્તમાં આયોજિત યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન કલાઈમેટ ચેન્જ માટે ૨૭મી કોન્ફરન્સ ઓફ પાર્ટી(**COP27**) દરમ્યાન શરૂ કરાયેલા મેન્ગ્રોવ એલાયન્સ ફોર કલાઈમેટમાં ભારત જોડાયા બાદ "**MISHTI**" પ્રોજેક્ટનું આયોજન કરાયું છે.

"મિષ્ટી" કાર્યક્રમ પાંચ વર્ષમાં(વર્ષ ૨૦૨૩થી વર્ષ ૨૦૨૮) નવ દરિયાકાંઠાના રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોમાં આશરે ૫૪૦ ચોરસ કિલોમીટર વિસ્તારને આવરી લેવાશે. ૪.૫ મિલિયન ટન કાર્બનના અંદાજિત કાર્બન સિંક સાથે લગભગ ૨૨.૮ મિલિયન માનવ-દિવસ બનાવાશે. પ્રાકૃતિક પર્યટન અને સ્થાનિક સમુદાયોની આજીવિકા માટે પણ મદદરૂપ બનશે.

દેશનો સૌથી વધુ લાંબો દરિયાકાંઠો(૧૬૬૪ કિલોમીટર) ધરાવતા ગુજરાતના મોરબી જિલ્લાના નવલખી દરિયાઈ વિસ્તારની દરિયાઈ જીવસૃષ્ટિ તથા યાયાવર પક્ષીઓ અને દરિયાનું ધોવાણ અટકાવવા માટે ચેરના વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે, ભારતભરમાં ચેર આવરણમાં બીજો ક્રમ ધરાવતા ગુજરાતમાં "મિષ્ટી" પ્રોજેક્ટ અન્વયે મોરબી વન વિભાગ દ્વારા માળીયા (મી.) તાલુકાના વવાણીયા ગામમાં કાસમપીર દરગાહ પાસે નવલખી દરિયાઈ-જંગલ વિસ્તારમાં સવારે ૧૦.૦૦ વાગ્યે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ૨ હેકટર જેટલા વિસ્તારમાં ચેરનું વાવેતર કરવામાં આવશે તેમ જિલ્લા નાયબ વન સંરક્ષક અધિકારી ચિરાગભાઈ અમીનની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ જિલ્લા પંચાયત ખાતે યોજાયો "વિશ્વ તમાકુ નિષેધ દિન"નો કાર્યક્રમ : સ્વાસ્થ્યને હાનિકારક તમાકુના સેવનથી દૂર રહેવાનો અનુરોધ કરતા જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રાઠોડ



(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા.૧
સમગ્ર વિશવમાં ૩૧ મેના રોજ ઉજવાતા "વિશ્વ તમાકુ નિષેધ દિન" નિમિત્તે "આપણને ખોરાકની જરૂરિયાત છે, તમાકુની નહીં" થીમ આધારિત કાર્યક્રમ રાજકોટ જિલ્લા પંચાયત, ખાતે જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ(આરોગ્ય શાખા) દ્વારા મુખ્ય જિલ્લા આરોગ્ય અધીકારી (સીડીએચઓ) ડો. નિલેશ.એમ.રાઠોડના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે તમાકુ નિષેધ અંગે જનજાગૃતિ ફેલાવતા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં સ્વાસ્થ્યને હાનિકારક તમાકુના સેવનથી દૂર રહેવાનો અનુરોધ કરતા જિલ્લા આરોગ્ય અધીકારી ડો. રાઠોડે કહયુ હતું કે તમાકુ એ આપણા શરીરને તો ખોખલુ કરી જ નાખે છે, વધારામાં કેન્સર જેવી બીમારીને નિમંત્રણ આપે છે. આજે દેશ અને દુનિયામાં લાખો લોકો તમાકુના કારણે જડબાના કેન્સરનો ભોગ બન્યા છે. જેનાથી આર્થિક રીતે પણ પોતે અને પરિવાર પાયમાલ થઈ જાય છે. આ કાર્યક્રમનું સંચાલન વહીવટી અધિકારીશ્રી ડી.પી.ગોંડલિયાએ કર્યુ હતુ. તેઓએ ઉપસ્થિત લોકોને કહયુ હતું કે સરકારી સ્તરે તો તમાકુ નિષેધના કાર્યક્રમો યોજાય પરંતુ સામજિક સ્તરે લોકોએ પણ વ્યસનથી દૂર રહેવુ જોઈએ. પ્રોગ્રામ ઓફિસર સાવિત્રી નાથજીએ પણ તમાકુ સહિતના વ્યસનથી દૂર રહેવા લોકોને અપીલ કરી હતી. આ તકે તમાકુનું સેવન ન કરવા અંગેના શપથ ઉપસ્થિતોએ પણ લીધા હતા. આ પ્રસંગે આર.સી.એચ.ઓ. (રીપ્રોડકટિવ ચાઈલ્ડ હેલ્થ ઓફિસર) ડો.એમ. એસ. અલી, એ.ડી.એચ.ઓ. (એડિશનલ ડિસ્ટ્રિકટ હેલ્થ ઓફિસર) ડો. પપુકુમાર સિંગ, નાયબ જિલ્લા શિક્ષણ અધિકારી ડો.અશોક વાણવી, સુપરવાઈઝર સંજયભાઈ ઢોલ સહિતના અધિકારીઓ, કર્મચારીઓ, આરોગ્ય શાખા, આઈ.સી.ડી.એસ. શાખાના કર્મચારીઓ તથા લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કેન્સર જેવી ખતરનાક બીમારીઓને મ્હાત આપી તમાકુ ત્યજી દેનારા બે વ્યક્તિઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. જેમાં રાજકોટ જિલ્લા પંચાયતની મેલેરિયા શાખામાં સુપરવાઈઝર તરીકે કાર્યરત કાંતીલાલ અઘેરાએ દોઢ વર્ષ પહેલા ચોથા સ્ટેજમાં પહોંચેલા જડબાના કેન્સરને તો કારમી પછડાટ આપી છે. તેમણે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં કેન્સરનું ઓપરેશન કરાવ્યું હતું. દાંતના દુઃખાવાની સારવાર બાદ પણ દુઃખાવો ન મટતાં કાંતિભાઈએ બાયોપ્સી કરાવી, જેમાં થયેલા કેન્સરના નિદાન બાદ કેન્સરની વ્યવસ્થિત સારવારને લીધે તેમને નવજીવન તો મળ્યુ જ, ઉપરાંત તેમણે તમાકુ છોડીને અન્ય લોકો પણ તમાકુ નિષેધ કરે તે માટેનું અભિયાન ઉપાડયુ છે.

# બાગેશ્વર ધામના પીઠાધિશ્વર શ્રી ધીરેન્દ્ર શાસ્ત્રી મહારાજે સોમનાથ મહાદેવની ધજા અને પાઘ પૂજા કરી ધન્યતા અનુભવી



(મીનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વાર)

પ્રભાસ પાટણ, તા.૧

મધ્યપ્રદેશના બાગેશ્વર ધામના પીઠાધીશ શ્રી ધીરેન્દ્ર શાસ્ત્રી મહારાજ ગુજરાતના પ્રવાસે હોય ગઈકાલે મધ્યાહન સમયેસોમનાથ મહાદેવનાદર્શને પધાર્યા હતા. સોમનાથ ટ્રસ્ટ તરફથી જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ તેઓનું અભિવાદન કર્યું હતું. મંત્રોચ્ચાર સાથે બ્રાહ્મણો દ્વારા તેઓને મંદિરમાં આવકારવામાં આવ્યા હતા. શ્રી ધીરેન્દ્ર શાસ્ત્રીએ સોમનાથ મહાદેવના દર્શન અને અભિષેકકર્યા હતાં. પૂજારી દ્વારા ચંદન તિલક કરીને તેઓને આશીર્વાદ અપાયા હતા. જ્યોતિર્લિંગ ક્ષેત્રમાં પૂજનનું અનેરૂ મહત્વ રહેલું છે ત્યારે બાગેશ્વર ધામના પીઠાધીશ શ્રી ધીરેન્દ્ર શાસ્ત્રી મહારાજે સોમનાથ મહાદેવની ધજા પૂજા અને પાઘ પૂજા કર્યા હતા. સનાતન ધર્મમાં શૌર્ય અનેત્યાગનું પ્રતીક ગણાતી કેસરિયા રંગની પાઘ ધીરેન્દ્ર શાસ્ત્રી મહારાજે સોમનાથ મહાદેવને પૂજનમાં અર્પણ કરી હતી. શાસ્ત્રોક્તવિધિ વિધાન સાથે સોમનાથ મંદિરના પુરોહિતો દ્વારા તેઓને પૂજા કરવામાં આવી હતી. પૂજન પૂર્ણ થયા બાદ શાસ્ત્રીજીએ સોમનાથ ટ્રસ્ટની સ્વસ્થ ધ્વજા રોહણ સુવિધાનો લાભ લઈને પોતાના હાથે દોરડું ખેંચીને ધ્વજાને શિખર સુધી પહોંચાડી હતી. મંદિરની સુચારૂ દર્શન વ્યવસ્થા અદ્વિતીય સ્વચ્છતા અને સુનિયોજિત મંદિર વ્યવસ્થાપન બદલ તેઓએ સોમનાથ ટ્રસ્ટને અભિનંદન પાઠવ્યા હતા. આ તકે તેમની સાથે પ્રસિદ્ધ લોક ગાયક કિર્તીદાનભાઈ ગઢવી, ગીર સોમનાથ જિલ્લા વિકાસ અધિકારી રવીન્દ્ર ખતાલે, નાયબ પોલીસ અધિક્ષક ખેંગાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લાના સફાઈ કામદારો અને તેઓના આશ્રિતોને ડો. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજનાનો લાભ લેવા અનુરોધ

## છેલ્લા ૩ વર્ષમાં ૪૦ લાભાર્થીઓને રૂા.૪૧, ૨૦, ૦૦૦ની સહાય ચૂકવાઈ

જૂનાગઢ, તા.૧

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા રાજયના સફાઈ કામદારોને અને તેઓના આશ્રિતોને રહેણાંકના પાકા મકાન બનાવવા માટે ડો. આંબેડકર સફાઈ કામદાર આવાસયોજના અમલમાં છે.

આ યોજનાનો લાભ સફાઈ કામદારોનેઅને તેમના આશ્રિતોને મળવાપાત્ર રહેશે. જેમાં કોઈ આવક મર્યાદા લાગુ પડશે નહીં. આ યોજના હેઠળ સફાઈ કામદારો કે તેમના આશ્રીથતોને રહેણાંકના પાકા મકાનો બનાવવા માટે વ્યક્તિગત રૂા.૧ લાખ ૨૦ હજાર નાણાકીય ત્રણ હપ્તામાં ચૂકવવામાં આવશે.

આ યોજના અન્વયે વર્ષ ૨૦૨૩૨૪ દરમ્યાન વધુમાં વધુ લાભ લેવા માટે સફાઈ કામદાર કે તેના આશ્રિતોએ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેથી જૂનાગઢ જિલ્લાના તમામ સફાઈ કામદારો અને તેઓના આશ્રિતોએ જિલ્લા મેનેજર ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ અને નાયબ નિયામક અનુસૂચિ જાતિ કલ્યાણ જૂનાગઢની કચેરી દ્વારા લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ યોજના અંતર્ગત છેલ્લા ૩ વર્ષમાં ૪૦ લાભાર્થીઓને રૂા. ૪૧,૨૦, ૦૦૦ની સહાય ચૂકવવામાં આવી છે.

## રાજ્યસભાના સાંસદ અને શ્રી મારૂતી કુરીયર સર્વિસના ફાઉન્ડર

# રામભાઈ મોકરીયાનો આજે જન્મદિવસ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧

ભારતની કુરીયર ઈન્ડસ્ટ્રીઝમાં અગ્રીમ સ્થાન ધરાવતા અને હાલ ગુજરાતથી રાજયસભાના સાંસદ એવા રામભાઈ મોકરીયાનો પહેલી જૂને ૬૭મો જન્મદિવસ છે. બ્રહ્મસમાજના અગ્રણી, કર્મયોગી અને સમાજસેવા માટે હંમેશા કાર્યરત એવા રામભાઈ તન-મન-ધનથી જનસેવામાં વ્યસ્ત છે.

રામભાઈ ૧૯૭૬માં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, વિશ્વ હિન્દુ પરિષદ, ૧૯૭૮ થી જનસંઘના સમયથી ભાજપ સાથે સક્રિય રીતે ભાજપમાં સેવારત છે.

બ્રહ્મસમાજ અગ્રણી તરીકે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ અને સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મ સમાજ માં ૩૦ વર્ષથી સક્રિય રીતે સેવા આપી રહ્યા છે. હાલ માં રાજયસભા ના સાંસદ તરીકે જનસેવા અને રાષ્ટ્ર સેવામાં યોગદાન આપી રહ્યા છે.

પોરબંદર વિસ્તારના બ્રહ્મસમાજમાં રોજગારીની અછત અને બિઝનેસ માટે જૂજ તકો વચ્ચે રામભાઈ મોકરીયાએ ૧૯૮૫થી સેંકડો યુવાનોનું હીર પારખી, તેમની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી આર્થિક રોકાણ કે જોખમ વગર કુરિયર ક્ષેત્રે "બ્રાન્ડેડ બિઝનેસ" ની એક સુવર્ણ તક આપી છે. આ યુવાનોને શ્રી મારૂતી સાથે જોડી તેમને બિઝનેસની પ્રોફેશનલ ટ્રેનીંગ આપી ભારતના મેટ્રો સિટીમાં બિઝનેસમેનનું સ્ટેટસ અપાવ્યું અને તેઓ આજે છ આંકડા સુધીની માસિક આવક પ્રાપ્ત કરી રહ્યા છે. આજે તેમના સંતાનો વિદેશમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. શ્રી મારૂતી ના ચેનલ પાર્ટનરની New Generation World Class Education પ્રાપ્ત કરીને નવા વૈશ્વિક પ્રવાહો સાથે તાલ મિલાવવા સક્ષમ છે. ભવિષ્યમાં તેમના પરિવાર, જ્ઞાતિ અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપશે.

શ્રી રામભાઈ મે-૨૦૨૧ સુધી શ્રી મારૂતી કુરિયર સર્વિસઝ પ્રાઈવેટ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરપદે હતા. હવે તેમનો આ ઉજ્જવળ વ્યવસાયિક વારસો બંને પુત્રો ચિ. અજય મોકરીયા(એમ.ડી.) અને ચિ. મૌલિક મોકરીયા(ચેરમેન) એ જાળવી લીધો છે.

"કર્મએજ ધર્મ ની ફિલસુફી ને પોતાના જીવનમાં ઉતારીને રામભાઈએ શ્રી મારૂતિના ૨૦,૦૦૦ થી વધુ કર્મચારી પરિવારને જીવનમાં કર્મના સિદ્ધાંતમાંથી પ્રેરણા આપી છે. જીવનમાં હંમેશા પોતાની ફરજ અને સેવા ને મહત્ત્વ આપી જીવન ના કોઈપણ વિશાળ લક્ષને સર કરવું શક્ય બને છે. તેવો સંદેશો આપ્યો છે.

યુવાવસ્થા દરમ્યાન ખુબ જ સંઘર્ષ કરીને સફળતા મેળવનાર રામભાઈ મોકરીયા હંમેશાં 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાને ધ્યાને રાખી નાના માણસો અને સમાજના જરૂરીયાતમંદ માણસો ની પડખે રહ્યા છે અને વિવિધ રીતે સામાજીક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે તન-મન-ધન થી સેવા આપી રહ્યા છે. રામભાઈની પ્રેરણાથી શ્રી મારૂતી દ્વારા ભૂતકાળમાં સુરતનો પ્લેગ, કચ્છનો ભૂકંપ, પોસ્ટની હડતાલ, કારગિલ યુદ્ધ, પુલવામા એટેક, કોરોના જેવી કુદરતી કે માનવસર્જિત આફતો વખતે રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈને દેશને આર્થિક અને સેવાકીય યોગદાન પૂરું પાડેલ છે. કપરા સમયમાં દેશની જનતાની પડખે રહીને પોતાની ફરજ નિભાવેલ છે.



પોતાના જન્મદિવસની ઊજવણી કરવાના બદલે રામભાઈ તે દિવસે સમાજ સેવામાં સમય પસાર કરશે. રામભાઈને પક્ષના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને શ્રી મારૂતી તથા ગ્રુપ કંપની નો ૨૦,૦૦૦થી વધુ કર્મચારીનો વિશાળ પરિવાર, મિત્રવર્તુળ, કોર્પોરેટ જગતના માંધાતાઓ, બિઝનેસ એસોસિયેટ્સ, ગ્રાહકો, શુભેચ્છકો અને વડીલો તરફથી તેમને જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે.

# કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામે વીજળી પડતા એક ભેંસનું મોત

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧



ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં વાતાવરણમાં અચાનક પલટો આવતા કાળા ડિબાંગ વાદળો સાથે અંધારપટ છવાયો હતો. હવામાન ખાતાની આગાહી પ્રમાણે વાતાવરણમાં બપોર બાદ અચાનક પલટો આવતા કોડીનારનાં ઘાંટવડ ગામે પવન સાથે વરસાદ વરસ્યો હતો ત્યારે ગાજવીજ સાથે વરસી રહેલા વરસાદમાં ઘાંટવડથી જામવાળા જવાના રસ્તા ઉપર પુનાધારની સીમમાં હનીફભાઈ સુલેમાનભાઈ સેલોત વાડીમાં ભેંસ બાંધેલી હોય તે દરમ્યાન ચાલું વરસાદે ભેંસના માથે વીજળી પડતા એક ભેંસનું મોત નિપજ્યું હતું અને હનીફભાઈ સુલેમાનભાઈ સેલોત ભયભીત થઈ ગયા હતા. વીજળી પડવાના વાવડ ગ્રામ જનોને મળતા ગામ લોકો ઘટના સ્થળ ઉપર દોડી ગયા હતા અને મરનાર ભેંસના માલિક હનીફભાઈ સુલેમાનભાઈ સેલોત રહેઘાંટવડ વાળા દુજાણા ઉપર પોતાનું ગુજરાન ચલાવતા હોય અને એકાએક પોતાની ભેંસ માથે વીજળી પડતા પરિવારમાં શોકની લાગણી જોવા મળી હતી અને હનીફભાઈ સેલોતએ તલાટી કમ મંત્રીને ફોન દ્વારા જણાવ્યું હતું ત્યારે તલાટી કમ મંત્રીએ પશુ ડોકટરને જાણ કરી તાત્કાલિકનાં ધોરણે ઘટના સ્થળે પહોંચી સર્વેની કામગીરી શરૂ કરી આગળ હનીફભાઈને સરકાર દ્વારા સહાય મળે તેની કાર્યવાહી કરવામાં આવી હતી.

# વૈશ્વિક માતા-પિતા દિવસ




માતા-પિતાનો વૈશ્વિક દિવસ એ સંયુકત રાષ્ટ્રનું પાલન છે જે વિશ્વભરમાં માતા-પિતા અને બાળકો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને માન આપવા દર વર્ષે ૧ જૂને ઉજવવામાં આવે છે. સંયુકત રાષ્ટ્ર દ્વારા આયોજિત, આ દિવસ તેમના બાળકોના ઉછેરમાં માતા-પિતાની સતત મહેનત ઉપર ભાર મૂકે છે. માતા-પિતાનો વૈશ્વિક દિવસ તમામ માતા-પિતાને તેમના પરિવારોને પ્રેમાળ અને સંવર્ધન વાતાવરણ પ્રદાન કરવાનું ચાલુ રાખવા પ્રોત્સાહિત કરે છે. ૨૦૧૨ માં, જનરલ એસેમ્બલીએ ૧ જૂનને માતા-પિતાના વૈશ્વિક દિવસ તરીકે જાહેર કર્યો, જે સમગ્ર વિશ્વમાં માતાપિતાના સન્માનમાં વાર્ષિક ધોરણે મનાવવામાં આવે છે. આ દિવસની શરૂઆત ૨૦૧૨ માં થઈ જયારે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ તે વર્ષે ૧ જૂનના રોજ તેની પ્રથમ ઉજવણીની ઘોષણા કરી, અને ત્યારથી દર વર્ષે માતાપિતાના સન્માનને અલગ રાખવામાં આવે છે અને તેની ઉજવણી કરવામાં આવે છે. ગ્લોબલ પેરેન્ટ ડે ૨૦૨૩ ની આંતરરાષ્ટ્રીય થીમ છે, "કુટુંબ જાગૃતિ". તમારા પોતાના પરિવાર પ્રત્યે સભાન રહેવું, અને તેની ભાવનાત્મક અને શારીરિક સુખાકારીની શોધ કરવી જરૂરી છે. તમારા માતા-પિતા અને ભાઈ-બહેનો સાથે કૌટુંબિક પિકનિકનું આયોજન કરો. તમારા માટે સૌથી વધુ મહત્વ ધરાવતા લોકો સાથે ગુણવત્તાયુકત સમય પસાર કરવાની એક અદ્ભુત રીત. વ્યસ્ત શેડ્યૂલ વચ્ચે, તમે તમારા માતા-પિતા બનવા માટે થોડો સમય કાઢી શકો છો અને તેમને પ્રેમ અને કાળજીનો અનુભવ કરાવી શકો છો. તમે ઈચ્છો તે કંઈપણ કરવા માટે તમારા માતા-પિતા સાથે આખો દિવસ પસાર કરો.

# વેરાવળના શ્રમિક પરિવારના લાડલાનું અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં નિઃશુલ્ક સફળ ઓપરેશન

## પ્રાઈવેટ હોસ્પિટલમાં રૂા.૧૦-૧૨ લાખના ખર્ચાળ ઓપરેશનના બદલે રાજ્ય સરકારની સહાયથી 'કોક્લિઅર ઈમ્પ્લાન્ટ'ની નિઃશુલ્ક સારવાર

ગીર સોમનાથ, તા.૧

રાજ્ય સરકારના 'રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' (RBSK) અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાના વેરાવળના શ્રમિક હરેશભાઈના દીકરા શુભમનું અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ ખાતે 'કોક્લિયર ઈમ્પ્લાન્ટ'નું વિનામૂલ્યે સફળ ઓપરેશન થયું છે. શ્રમજીવી વાયલુ પરિવારનો સાડા ત્રણ વર્ષનો બાળક શુભમ જન્મથી મૂકબધિર (બોલી અને સાંભળી ન શકતો) હતો. અમદાવાદ સોલા સિવિલના નિષ્ણાત તબીબોએ સફળતાપૂર્વક 'કોક્લિઅર ઈમ્પ્લાન્ટ' ઓપરેશન પાર પાડતા શુભમને વાણી-શ્રવણની ભેટ મળી છે.

જન્મજાત બહેરાશ હોવાના કારણે શુભમના માતા-પિતા પોતાના લાડલાના સ્વાસ્થ્યની ખૂબ જ ચિંતા કરતા હતાં. પ્રાઈવેટ હોસ્પિટલમાં તપાસ કરાવતા આશરે ૧૦થી ૧૨ લાખ જેટલો ખર્ચ થતો હોવાની જાણ થઈ હતી. શ્રમજીવી પરિવાર માટે આ ખર્ચ આર્થિક રીતે મસમોટું ભારણ હતું. પરંતુ 'રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' આ પરિવાર માટે આશીર્વાદરૂપ બન્યો અને અમદાવાદ સિવિલના નિષ્ણાંત ડોક્ટર્સે ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડ્યું હતું અને પરિવારની ચિંતા દૂર કરી હતી.



આર.બી.એસ.કે ટીમના ડૉ.ઈશ્વર ડાકી અને ડૉ વીણા જિંજુવાડિયા દ્વારા આંગણવાડી આરોગ્ય તપાસ કરતા શ્રમિક પરિવારનું સંતાન જન્મજાત મૂકબધીર જણાયું હતું. શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત સુપર સ્પેશ્યાલિટી સારવાર મળે તે માટે તાલુકા હેલ્થ ઓફિસથી સંદર્ભ કાર્ડ કાઢી અપાયું હતું અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની સત્વરે મંજૂરી બાદ અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતાં જ્યાં શુભમનું કોક્લિઅર ઈમ્પ્લાન્ટનું સફળ ઓપરેશન થયું હતું. ઓપરેશન થયા પછી નિયમિત રીતે ગીર સોમનાથ આરબીએસકે સ્ટાફ દ્વારા શુભમના સ્વાસ્થ્યની અપડેટ લેવામાં આવે છે અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

શુભમના પિતા હરેશભાઈ શ્રમિક છે અને છૂટક મજૂરી કરી સંયુક્ત પરિવારનું ગુજરાન ચલાવે છે. ગીર સોમનાથમાં ઘરઆંગણે જ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજનાનો નિઃશુલ્ક લાભ મળી રહેતા પરિવારમાં હર્ષોલ્લાસ છવાયો હતો. શુભમના માતા જશોદાબહેને લાગણીભર્યા સ્વરે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. 'કોક્લિયર ઈમ્પ્લાન્ટ'થી શુભમને વાણી અને શ્રવણશક્તિ પાછી મળતા તેમના માતા જશોદાબહેને ગળગળા સ્વરે જણાવ્યું હતું કે, 'સરકાર હંમેશા ગરીબ માણસોની ચિંતા કરે છે એ વાત સાચી સાબિત થઈ છે. પ્રાઈવેટનો આર્થિક ખર્ચ પોસાય એમ ન હોવાથી અમે સતત ચિંતામાં રહેતા હતાં પરંતુ વિનામૂલ્યે થયેલા સફળ ઓપરેશનથી ગુજરાત સરકારે મારા દીકરા અને અમારા પરિવાર માટે સુખનો એક નવો દરવાજો ખોલ્યો છે.

નોંધનીય છે કે, ૬ વર્ષ કે તેથી નાના, જન્મથી મૂકબધિર બાળકોને 'કોક્લિઅર ઈમ્પ્લાન્ટ' અને ત્યારબાદના રિહેબિલીટેશન (પુનર્વસન)ની સંપૂર્ણ સારવાર માટે રૂા.૧૦ લાખથી વધુનો ખર્ચ થાય છે. તેમાં ઓપરેશન પહેલા કે દરમિયાનની સ્ક્રિનિંગ, ટેસ્ટ, ઓપરેશન, વેક્સીનેશન તેમજ રિહેબિલીટેશનના તમામ ખર્ચનો સમાવેશ થાય છે. જે સરકારની RBSK યોજના અંતર્ગત નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે.

**આલેખનઃ ગૌરાંગ જોશી**

**તસવીર/વીડિયોઃ સાજીદ કાઠી**

# રિન્યુએબલ એનર્જીમાં સતત વધારો કરવામાં ગુજરાત હંમેશાં અગ્રેસર

## ગુજરાતે કલાઈમેટ ચેન્જ અને પુનઃ પ્રાપ્ય ઊર્જા સંદર્ભે અનેકવિધ નવતર આયામો હાથ ધરીને નવી નીતિઓ ઘડી તેની અસરકારક અમલવારી કરી છે

વિશ્વ પર્યાવરણ દિવસ દર વર્ષે ૫મી જૂને ઉજવવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ લોકોને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવાનો છે. વિશ્વ પર્યાવરણ દિવસની આ વર્ષની થીમ 'વન કવચ' છે. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત આજે વાત કરવી છે રિન્યુએબલ એનર્જી વિશે. રિન્યુએબલ એનર્જી એટલે કુદરતી સ્ત્રોતોમાંથી મેળવેલી ઉર્જા. જે વપરાશની સાથે ફરી મેળવી શકાય છે. ઉદાહરણ તરીકે સૂર્યપ્રકાશ અને પવન. પ્રાચીન સમયથી ભારતીય સંસ્કૃતિમાં સૂર્યને આરાધ્ય અને શકિતનો સ્ત્રોત માનવામાં આવે છે અને આપણાં જીવનદાતા તરીકે પૂજવામાં આવે છે. ઔદ્યોગિક યુગએ આપણને ઉર્જા સ્ત્રોત તરીકે સૂર્યપ્રકાશની સમજ આપી.

સમગ્ર વિશ્વ ઉપર આબોહવાની અનિશ્ચિતતાથી જીવસૃષ્ટિને ગંભીર અસર પડી રહી છે, જેને નાથવા વિશ્વના તમામ દેશો પ્રયત્નો કરી રહ્યાં છે આ સમયે જયારે કલીન અને ગ્રીન હોય તેવા વૈકલ્પિક ઊર્જા ઉત્પાદનના માર્ગો શોધવા અનિવાર્ય બન્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘદ્રષ્ટા નેતૃત્વમાં ભારતીય ઉર્જા પરિદ્રશ્યમાં સૌર ઊર્જાના ઉપયોગ થકી દેખીતી અસર જોવા મળી રહી છે. સરકારશ્રીના સૌર ઉર્જા આધારિત વિકેન્દ્રિત અને વિતરિત કાર્યક્રમો વડે ગ્રામ્ય વિસ્તારોમાં લાખો લોકો તેમની રસોઈ, વીજળી અને અન્ય ઉર્જાની જરૂરિયાતોને પર્યાવરણને અનુકૂળ રહીને પૂરી કરીને લાભાન્વિત થઈ રહ્યાં છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ટીમ ગુજરાત સતત અભિનવ પ્રયોગો અને પ્રયાસો થકી રાષ્ટ્રને નવા માર્ગો શોધવા દિશા આપવાનું કાર્ય કરી રહી છે. રિન્યુએબલ એનર્જીને પ્રોત્સાહન આપતી વિવિધ યોજનાઓ ગુજરાત સરકારશ્રી દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. રિન્યુએબલ એનર્જીમાં સતત વધારો કરવામાં ગુજરાત હંમેશાં અગ્રેસર રહ્યું છે. આ હેતુને સર કરવા માટે સોલર પોલિસી વિન્ડ પોલિસી સ્મોલ હાઈડ્રો પોલિસી તેમજ વિન્ડ સોલર હાઈબ્રીડ પૉલિસી જેવી વિવિધ નીતિઓ ઘડવામાં આવી છે તેમજ તેનો અસરકારક અમલ થઈ રહ્યો છે. રાજ્ય સરકારશ્રીના હકારાત્મક અભિગમને પરિણામે ગુજરાત પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે. પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ ગુજરાતને ૬ એવોર્ડ પણ પ્રાપ્ત થયા છે.

કહેવાય છે કે, સ્વચ્છ વાતાવરણમાં સ્વસ્થ માનવીનો વિકાસ થાય છે, "વિશ્વપર્યાવરણ દિન"ની ઉજવણી આગામી ૫ જૂનના રોજ થવા જઈ રહી છે ત્યારે આપણે સૌ સંકલ્પ લઈએ કે પ્રાકૃતિક સંપદાને સંરક્ષણ અને સંવર્ધન થકી ટકાઉ અને ભાવિ પેઢી માટે સુરક્ષિત બનાવીએ.

**આલેખન :- હેમાલી ભટ્ટ**

# રાજ્યના નાના-મોટા શહેરોની ૪૮ જેટલી GIDC ખસેડવા સરકારની વિચારણા

## રાજ્યમાં કુલ ૨૨૫ GIDC કાર્યરત : પ્રદૂષણ-હેવી વ્હીકલની હેરફેર વગેરે સમસ્યા

ગાંધીનગર,તા.૧

રાજ્યના નાના-મોટા શહેરોમાં ૨૨૫ જેટલી જીઆઈડીસી આવેલી છે. જેમાં ઘણા શહેરોમાં તો વર્ષો જૂની જીઆઈડીસી કાર્યરત છે. જેમાં ઘણા બધા નાના-મોટા ઉદ્યોગો ધમધમી રહ્યા છે. વર્ષો પહેલાં જીઆઈડીસી જે તે શહેરની બહાર સ્થાપિત કરવામાં આવી હતી, પરંતુ શહેરોમાં વસતીમાં વધારો થતાં તેનો વિસ્તાર પણ વધ્યો છે અને તેને લઈને કેટલાક શહેરોમાં હવે જીઆડીસીશહેરની મધ્યમાં આવી ગઈ છે. જેથી પરિસ્થિતિ બદલાતા સરકારદ્વારા હવેઆવી જીઆઈડીસી ખસેડવા વિચારણા હાથ ધરાઈ છે. શહેરની વચ્ચે જીઆઈડીસી આવીજતા શહેરીજનોનેઅવાજ અને વાયુ એમ બન્ને પ્રદૂષણનો સામનો કરવો પડી રહ્યો છે. ઉપરાંત ટ્રક સહિત મોટા વ્હીકલને પણ શહેરની મધ્યમાં આવેલી જીઆઈડીસીમાં આવતા મુશ્કેલી પડી રહી છે. આથી સરકાર ૪૮ જેટલી જીઆઈડીસીને શહેરની બહાર ખસેડવાની દિશામાં આગળ વધી રહી છે. રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત સમિટ સાથે ઔદ્યોગિક વિકાસ આગળ વધી રહ્યો છે. મોટા ઉદ્યોગો સાથે નાના ઉદ્યોગો પણ સ્થપાય તે માટે રાજ્ય સરકાર પ્રયાસ કરી રહી છે. ઉદ્યોગોને માળખાકીય સુવિધા મળીરહે તેટલા માટેપણ સરકાર દરેક જીઆઈડીસીને પાણી, વીજળી અને રોડ, ગટર વ્યવસ્થા પુરી પાડવા મક્કમ છે, પણ હવે પ્રશ્ન એ ઊભો થયો છે કે,વર્ષો પહેલા શહેરની બહાર જે જીઆઈડીસી હતી તે જીઆઈડીસી શહેરની વચ્ચેઆવી ગઈ છે. રાજ્યમાં આવી ૪૮ જેટલી જીઆઈડીસી છે જેને શહેરની બહાર ખસેડવાનું જરૂરી હોઈ સરકારે કવાયત હાથ ધરી છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં હાલ ૨૨૫ જેટલી જીઆઈડીસી કાર્યરત છે. જેમાં આશરે ૬૮,૫૦૦ ઉદ્યોગો ચાલી રહ્યા છે. કુલ ૨૨૫ જીઆઈડીસી પૈકી સૌથી વધુ સૌરાષ્ટ્ર-કચ્છમાં ૩૬ ટકા , અમદાવાદ અને ઉત્તર ગુજરાતમાં ૨૫ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૨ ટકા અને મધ્ય ગુજરાતમાં ૨૭ ટકા જીઆઈડીસી આવેલી છે. જેમાંથી ૪૮ જીઆઈડીસી એવી છે કે જે શહેરની વચ્ચેઆવી ગઈ છે. જેથી માલ હેરફેરમાં પણ મુશ્કેલી પડી રહીછે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગરમાં જીઆઈડીસી અને ઔદ્યોગિક એરિયા શહેરની વચ્ચે આવી ગયા છે. શહેરની વચ્ચે આવી ગયા હોવાથી એક તો શહેરના પ્રદૂષણમાં વધારો કરે છે. ઉપરાંત ઉદ્યોગોને પણ માલની હેરફેર કરવામાં સમસ્યા ઉભી થાય છે. શહેરોના ટ્રાફિકને કારણે માલસામાનની હેરફેરમાં સમય અને શકિત બંને વેડફાય છે. મોટા શહેરોમાં આગામી દિવસોમાં પ્રદૂષણને ઘટાડવા માટે ઔદ્યોગિક વિસ્તાર પણ શહેરની બહાર ખસેડવો પડે તેમ છે. પ્રદૂષણ ઘટાડવા સહિતના પ્રશ્નોને લઈ રાજ્ય સરકાર આ જીઆઈડીસીને શહેરી વિસ્તારમાંથી બહાર ખસેડવામાં વિચાર કરી રહીછે અને તેઅંગેની શક્યતાઓની હાલ તપાસ કરવામાં આવી રહી છે.જોકે આ બાબતે હજુ કોઈ સત્તાવાર નિર્ણય લેવાયો નથી પણ સરકાર આ નિર્ણય લેવા માટે મક્કમ છે.

# ભારતમાં યુવા બેરોજગારી ઝડપથી વધી રહી છે : રિપોર્ટ

નવી દિલ્હી તા.૧

ભારતમાં યુવા બેરોજગારી ઝડપથી વધી રહી છે. જે દેશના વિકાસને વિશ્વના નબળા અર્થતંત્ર વચ્ચે જોખમમાં મૂકે છે. અર્થશાસ્ત્રીઓનેડર છે કેચીનમાં વૃદ્ધોની વધતી જતી સંખ્યાને ટેકો આપવા માટે પૂરતા કામદારો નથી પણ ભારતમાં ચિંતા એ છે કે કામદારોની વધતી સંખ્યાને ટેકો આપવા માટે પૂરતી નોકરીઓ નથી. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE), જે એક સ્વતંત્ર થિંક ટેન્ક છે તેના અહેવાલ અનુસાર, દેશમાં ૨૫ વર્ષથી ઓછી ઉંમરના લોકો ભારતની વસ્તીના ૪૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે, તેમાંથી લગભગ અડધા આશરે ૪૫.૮ ટકા ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં બેરોજગાર હતા. આ સંસ્થાનું મુખ્ય મથક મુંબઈમાં છે, જે ભારત સરકાર કરતાં વધુ નિયમિતપણે નોકરીના ડેટા પ્રકાશિત કરે છે. કેટલાક વિશ્લેષકોએ આ પરિસ્થિતિને “ટાઈમ બોમ્બ” તરીકે વર્ણવી છે, જ્યાં સુધી વધુ રોજગારીનું સર્જન નથાય ત્યાંસુધી સામાજિક અશાંતિ વધવાની સંભાવનાની ચેતવણી આપી છે. નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે આ સમસ્યા વધુ વકરશે કારણ કે વસ્તી વધશે અને નોકરીઓ માટેની સ્પર્ધા વધુ મુશ્કેલ બનશે. કોર્નેલ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર અને ભારત સરકારના પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર કૌશિક બસુએ ભારતના યુવા બેરોજગારીનો દર ચોંકાવનારો” ગણાવ્યો છે અને કહ્યું કે, લાંબા સમયથી બેરોજગારીનો દર વધ્યો નથી. લગભગ છેલ્લા સાત, આઠ વર્ષોમાં તે ખૂબ જ વધી ગયો છે. જો યુવા વર્ગના લોકોને પૂરતી રોજગારી ન મળે તો તે ભારત માટે એક મોટો પડકાર અને સમસ્યા બની શકે છે. અર્થશાસ્ત્રીઓ કહે છે કે ભારત પાસે આ વસ્તી વિષયક સમસ્યાઓને ઉકેલવા માટે વિવિધ વિકલ્પો છે. કેપિટલ ઈકોનોમિક્સના જણાવ્યા અનુસાર, વૈશ્વિકસ્તરે પહેલેથી જ સ્પર્ધાત્મક અને શ્રમ-સઘન ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ કરવો એ ભારત માટે મહત્વપૂર્ણ છે.

### પ્રવાસીઓની વધતી સંખ્યા સામે નવી બસો ઉમેરાય છે પરંતુ સ્ટાફની અછત !

# ગુજરાત એસટી નિગમમાં ડ્રાઈવર-કંડક્ટર સહિતની ૧૨,૩૨૧ જગ્યાઓ ખાલી છે

## ખાલી જગ્યાઓ તાકીદે ભરવા મુખ્યમંત્રીને કરાઈ રજૂઆત



ગાંધીનગર, તા.૧

ગુજરાત એસટી નિગમમાં ડ્રાઈવર-કંડકટરો સહિત ૧૨,૩૨૧ જેટલી જગ્યાઓ ખાલી છે. આમ સ્ટાફની અછતને લીધે નિગમની કામગીરી ઉપર અસર પડી રહી છે. બીજી તરફ રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યા વધતી જાય છે. તેને ધ્યાનમાં રાખીને એસ ટી નિગમ દ્વારા નવી નવી બસો શરૂ કરવામાં આવી છે. પરંતુ તેની સામે સ્ટાફની ભરતી કરવામાં નહી આવતા હાલમાં ડ્રાઈવર, કંડકટર, કલાર્ક અને મીકેનીક સહિત ૧૨,૩૨૧ સ્ટાફની ઘટ વર્તાઈ રહી હોઈ તેની બસ સેવા ઉપર અસર થઈ રહી છે. રાજયના એસટી નિગમમાં ઘણા સમયથી જગ્યાઓ ખાલી રહેવા પામી છે. અગાઉ પણ પણ આ અંગે રજૂઆતો કરાઈ હતી ત્યારે હવે તાકિદે એસ ટી નિગમમાં ખાલી જગ્યાઓ ભરવાની માંગણી સાથે ગુજરાત એસ ટી મઝદુર મહાસંઘે મુખ્યમંત્રીને રજુઆત કરી છે.

ગુજરાત એસટી નિગમ દ્વારા રાજ્યના દરેક ગામમાં એસટી બસની સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી છે. પ્રવાસીઓની માંગને ધ્યાનમાં રાખીને સુપર ડિલક્ષ, ગુર્જરનગરી, ટુ બાય ટુ, સ્લીપરકોચ જેવી નવી નવી બસોનો પરિવહન સેવામાં વધારો કરવામાં આવ્યો છે. પરંતુ તેની સામે એસ ટી નિગમની વિવિધ કેડરોના સ્ટાફમાં વધારો કરવામાં આવ્યો નથી. જેની સીધી અસર એસ ટી નિગમની વહિવટી કામગીરી તેમજ એસ ટી બસોના સંચાલન ઉપર પડી રહી છે. જો કે, તાજેતરમાં વાહન વ્યવહાર મંત્રી દ્વારા ૨૧૦૦ કંડકટરની ભરતી કરવાની ટ્વીટ કરીને જાહેરાત કરવામાં આવી હતી. એસટી નિગમની અલગ અલગ કેડરોમાં હાલમાં ૧૨૩૨૧ કર્મચારીઓની ઘટ હોવાનો આક્ષેપ કર્મચારી મહાસંઘે કર્યો છે.એસ ટી નિગમમાં કંડકટરની મંજુર થયેલી ૧૬૦૦૦ની સામે હાલમાં ૧૪૩૦૦ જગ્યાઓ ભરેલી જ્યારે ૧૭૦૦ જગ્યાઓ ખાલી રહેવા પામી છે. જ્યારે ડ્રાઈવરની ૧૬૬૦૦ની મંજૂર જગ્યાઓ સામે ૧૪૭૦૦ જગ્યાઓ ભરેલી હોવાથી હાલમાં ૧૯૦૦ જગ્યાઓ ખાલી છે.તે જ રીતે ક્લાર્કની ૫૩૫૧ મંજુર જગ્યાઓની સામે ૧૭૦૭ ભરેલી અને ૩૬૪૪ જગ્યાઓ ખાલી છે. જ્યારે મીકેનીકની ૬૯૭૪ મંજુર જગ્યાઓની સામે ૧૮૯૭ જગ્યાઓ ભરેલી અને ૫૦૭૭ જગ્યાઓ ખાલી હોવાની ગુજરાત એસ ટી મઝદૂર મહાસંઘે મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી આ મામલે યોગ્ય કરવા માંગણી કરી છે.

# નેપાળે ભારતને ૬૦૦ મેગા વોટ પ્રતિ કલાકના ભાવે વીજળી વેચવાનું શરૂ કર્યુ



કાઠમંડુ, તા.૧

નેપાળે ભારતમાં વીજળીની નિકાસ શરૂ કરી દીધી છે. હિમાલયના આ દેશમાં ચોમાસાની શરૂઆત સાથે રન-ઓફ-ધ-રિવર પ્રોજેકટ્સમાંથી હાઈડ્રોઈલેક્ટ્રીસિટીનું ઉત્પાદન વધ્યું છે. ગયા વર્ષે પણ નેપાળે ભારતને જૂનથી નવેમ્બર દરમ્યાન જળવિદ્યુતની નિકાસ કરી હતી. નેપાળ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીના પ્રવકતા સુરેશ ભટ્ટરાઈએ જણાવ્યું હતું કે, અમે શનિવારથી ભારતને ૬૦૦ મેગા વોટ કલાકની વીજળી વેચવાનું શરૂ કર્યું છે કારણ કે, દેશમાં વીજળી સરપ્લસ છે. થોડા સમય પહેલા નેપાળ સ્થાનિક માંગને પહોંચી વળવા માટે ભારતથી ૪૦૦ મેગા વોટ જેટલી વીજળી આયાત કરી રહ્યું હતું. નેપાળમાં શિયાળામાં વીજળીની સ્થાનિક માંગ વધે છે, જ્યારે અહીં પુરવઠો ઘટે છે અને ઉનાળામાં માંગ ઘટે છે જ્યારે અહીં પુરવઠો વધે છે. નેપાળમાં કાર્યરત મોટાભાગના હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ રન-ઓફ-ધ-રિવર ઉપર આધારિત છે. ગયા વર્ષે નેપાળે ભારતમાં વીજળીની નિકાસ કરીને લગભગ ૧૨ અબજ રૂપિયાની કમાણી કરી હતી. ચોમાસાની શરૂઆત સાથે નેપાળમાં હાઈડ્રોપાવર પ્લાન્ટ્સ હિમાલયની નદીઓમાં પાણીના સ્તરમાં વધારો થવાથી વધારાની વીજળીનું ઉત્પાદન કરી રહ્યા છે.

# RTEના બીજા રાઉન્ડમાં ૪૯૬૬ વિદ્યાર્થીઓને ધોરણ-૧ માં પ્રવેશ ફાળવાયા




અમદાવાદ, તા.૧

શિક્ષણ વિભાગ દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન એકટ અંતર્ગત ધોરણ૧માં પ્રવેશ માટેનો બીજા રાઉન્ડ જાહેર કર્યો છે. બીજા રાઉન્ડમાં ૪૯૬૬ વિદ્યાર્થીઓને વિવિધ ખાનગી સ્કૂલોમાં પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. આ વિદ્યાર્થીઓના પ્રવેશ હવે ૫ જૂન સુધી સ્કૂલમાં જઈને કન્ફર્મ કરાવવાના રહેશે. પ્રથમ રાઉન્ડની કાર્યવાહી બાદ શિક્ષણ વિભાગ દ્વાર ખોટા ડોક્યુમેન્ટના આધારે તેમજ ગતવર્ષે ધોરણ-૧ અથવા ધોરણ૨માં અભ્યાસ કર્યો હોય અને ફરી RTE અંતર્ગત પ્રવેશ મેળવ્યો હોય તેવા ૧૧૩૦ પ્રવેશ રદ કરાયા છે. બીજા રાઉન્ડની જાહેરાત બાદ રાજ્યમાં RTEની ૩૦ હજાર કરતા વધુ બેઠકો ખાલી પડી છે. આ વર્ષે RTEમાં રાજ્યની ૯૮૭૩ જેટલી ખાનગી સ્કૂલોની ૮૨૮૫૩ જેટલી બેઠકો ઉપર પ્રવેશ માટે કાર્યવાહી શરૂ કરાઈ હતી. જેમાં પ્રથમ રાઉન્ડમાં ૫૪૯૦૩ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. પ્રથમ રાઉન્ડમાં ૫૪૯૦૩ વિદ્યાર્થીઓ પૈકી ૪૮૮૯૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યા હતા. પ્રથમ રાઉન્ડની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ખોટા ડોક્યુમેન્ટના આધારે પ્રવેશ લીધા હોય તેમની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત અગાઉના વર્ષોમાં ધોરણ-૧ અથવા ધોરણ૨માં અભ્યાસ કર્યો હોય અને RTEમાં ફરી ધોરણ-૧માં પ્રવેશ મેળવ્યો હોય તેવા વિદ્યાર્થીઓની પણ તપાસ કરી ૧૧૩૦ જેટલા પ્રવેશ રદ કરવામાં આવ્યા હતા. RTEની પ્રથમ રાઉન્ડની કાર્યવાહી પુર્ણ થયા બાદ ૩૩૯૦૭ જેટલી બેઠકો ખાલી પડી હતી. જેથી આ ખાલી બેઠકો ઉપર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં માટે બીજા રાઉન્ડની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બીજા રાઉન્ડની કાર્યવાહીમાં જે વિદ્યાર્થીઓને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળ્યો નથી તેમને જ તક અપાઈ હતી અને તેમને શાળાની પુર્નઃ પસંદગીની પણ તક આપવામાં આવી હતી. આવા ૧૩૨૯૯ જેટલા વિદ્યાર્થીઓને શાળા પુર્નઃ પસંદગીની તક મળી હતી. જેમાં ૨૩ મેથી ૨૫ મે દરમ્યાન ૮૨૩૮ જેટલા વિદ્યાર્થીઓએ શાળાઓની પુર્નઃ પસંદગી કરી હતી. જ્યારે બાકીના ૫૦૬૧ વિદ્યાર્થીઓએ પ્રથમ રાઉન્ડ પૂર્વે ભરેલા ફોર્મની શાળાઓ જ યથાવત રાખી બીજા રાઉન્ડની ફાળવણી કરવામાં આવી હતી. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા RTEની પ્રવેશ પ્રક્રિયાનો બીજા રાઉન્ડ તાજેતરમાં જાહેર થયો હતો. જેમાં વધુ ૪૯૬૬ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. બીજા રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યા છે, તેમણે ૫ જૂન સુધીમાં શાળામાં જઈને આધાર પુરાવા જમા કરાવી પ્રવેશ કન્ફર્મ કરાવવાના રહેશે. જ્યારે ઉપલબ્ધ જગ્યાઓ પૈકી બીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી બાદ અરજદારોની પસંદગીના અભાવે સમગ્ર રાજ્યમાં ૩૦૧૨૭ જેટલી બેઠકો ખાલી રહેવા પામી છે. ખાલી પડેલી જગ્યાઓમાં ગુજરાતી માધ્યમની ૧૪૫૪૬, અંગ્રેજી માધ્યમની ૧૨૪૬૬, હિન્દી માધ્યમની ૨૮૨૮ અને અન્ય માધ્યમની ૨૮૭ જેટલી બેઠકો ખાલી રહેવા પામી છે.

# ડમી શાળાઓ સામે શિક્ષણ બોર્ડની લાલઆંખ, તપાસના આદેશ

**● શિક્ષણ બોર્ડના સભ્યોની રજૂઆત બાદ ડમી સ્કૂલો સામે તપાસનો ધમધમાટ ● શિક્ષણ બોર્ડે રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને તપાસ કરી ડમી સ્કૂલોની વિગતો મોકલવા સૂચના આપી**

અમદાવાદ, તા.૧

રાજ્યમાં વિદ્યાર્થીઓ પાસેથી માત્ર ફી લઈ અભ્યાસન કરાવતી ડમી સ્કૂલો સામે શિક્ષણ વિભાગ દ્વારા લાલઆંખ કરવામાં આવી છે. શિક્ષણ બોર્ડના સભ્યોએ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કર્યા બાદ ડમી સ્કૂલો સામે તપાસનો ધમધમાટ શરૂ થયો છે. શિક્ષણ બોર્ડે રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્ર લખી તેમના જિલ્લામાં તપાસ કરી ડમી સ્કૂલોની વિગતો મોકલવા માટે સૂચના આપી છે. આમ, હવે નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત સાથે જ ડમી સ્કૂલોની તપાસ કરી તેની વિગતો બોર્ડને મોકલવામાં આવ્યા બાદ તેમની સામે કાર્યવાહી કરવામાંઆવશે.

શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામ જાહેર કરાયા બાદ ડમી સ્કૂલનો મુદ્દા ઉઠ્યો હતો. બોર્ડના જ બે સભ્યોએ રાજ્યના મુખ્યમંત્રીને ડમી સ્કૂલોને લઈને રજૂઆત કરી હતી. જેમાં જણાવાયું હતું કે, ધો.૧૨ની પરીક્ષા પાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ આઈઆઈટી-આઈઆઈએમ, મેડિકલ સહિતના કોર્સમાં પ્રવેશ માટે પ્રયાસ કરતાં હોય છે. આ વિદ્યાર્થીઓ ધો.૧૦ની પરીક્ષા પાસ કર્યા પછી સીધા ધો.૧૨ની તૈયારીમાં લાગી જતાં હોય છે. આ વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં હોવાથી સ્કૂલોમાં નિયમિત હાજરી આપવી ન પડે તેવી ડમી સ્કૂલો શોધીને તેમાં પ્રવેશ મેળવી લેતાં હોય છે. ડમી સ્કૂલોમાં પ્રવેશ માટે તોતિંગ ફી પણ ભરતાં હોય છે. ડમી સ્કૂલોમાં વિદ્યાર્થીઓના માત્ર કાગળ ઉપર નામ બોલતા હોય છે, પરંતુ આ વિદ્યાર્થીઓ ખરેખર કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરતા હોય છે. માત્ર પ્રેક્ટિકલ પરીક્ષા જ આપવા માટે જ વિદ્યાર્થીઓ સ્કૂલમાં જતા હોય છે, બાકીનો તમામ અભ્યાસ કોચિંગ ક્લાસમાં જ કરતા હોય છે. જેથી રાજ્યમાં આવેલી આવી ડમી સ્કૂલો સામે કાર્યવાહી કરવામાં આવે તે માટે બોર્ડના સભ્યોએ રજૂઆત કરી હતી. આ રજૂઆતના પગલે શિક્ષણ બોર્ડ દ્વારા ડમી સ્કૂલો સામે તપાસના આદેશ આપ્યા છે.

શિક્ષણ બોર્ડે રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્ર લખી ડમી સ્કૂલો સામે તપાસ કરવા માટે સૂચના આપી છે, જેમાં જણાવાયું છે કે, ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ ડમી શાળાઓમાં ધો.૧૧ સાયન્સમાં માત્ર કાગળ ઉપર પ્રવેશ મેળવી તોતિંગ ફી ભરે છે. આવી ડમી શાળાઓમાં શિક્ષકો પણ કાગળ ઉપર જ હોય છે, જેથી જિલ્લામાં આવી કોઈ ડમી શાળા ચાલતી હોય તેમાં પણ ખાસ કરીને ધો.૧૧ અને ૧૨ સાયન્સની શાળાઓ હોય તો તે અંગેની વિગતો આધાર પુરાવા સાથે બોર્ડને મોકલવાની રહેશે.

# રશિયા : પુતિન સાથે મુલાકાત બાદ બેલારૂસના રાષ્ટ્રપતિ તરત જ હોસ્પિટલમાં દાખલ, ઝેર આપ્યું હોવાની શંકા

મોસ્કો, તા.૧

બેલારૂસના રાષ્ટ્રપતિ એલેકઝાંડર લુકાશેક્રોને ગંભીર હાલતમાં મોસ્કોની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. લુકાશેક્રો રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને મળવા માટે મોસ્કો પહોંચ્યા હતા પરંતુ પુતિન સાથેની મુલાકાત બાદ તરત જ તેમની તબિયત બગડી હતી ત્યારબાદ તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બેલારૂસમાં વિપક્ષના નેતા વેલેરી સેપકાલોએ જણાવ્યું કે લુકાશેક્રોને ખરાબ તબિયત બાદ મોસ્કોની સેન્ટ્રલ ક્લિનિકલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેણે જણાવ્યુંકે લુકાશેક્રો અને પુતિન વચ્ચે બંધ બારણે વાતચીત થઈ હતી, ત્યારબાદ લુકાશેક્રોની તબિયત બગડી હતી. સેપકાલોએ જણાવ્યું હતું કે રશિયાના ટોચના ડોકટરો લુકાશેક્રોની સારવાર કરી રહ્યા છે પરંતુ તેમની સ્થિતિ નાજુક છે. સેપકાલોએ માહિતી આપી હતી કેલુકાશેક્રોના લોહીને સાફ કરવાની પ્રક્રિયા ચાલી રહીછે. ઉલ્લેખનીય છે કે સામાન્ય રીતે લોહીને સાફ કરવાની પ્રક્રિયા ઝેર શરીરમાં પહોંચ્યા પછી કરવામાં આવે છે. આ જ કારણસર લુકાશેક્રોને ઝેર આપવાની ચર્ચા ચાલી રહી છે. જો કે આ અંગે હજુ સુધી સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. બેલારૂસના રાષ્ટ્રપતિ લુકાશેક્રોને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ખૂબ નજીક માનવામાં આવે છે. આ પહેલા લુકાશેક્રોએ રશિયાની વિક્ટરી ડે પરેડમાં પણ ભાગ લીધો હતો. જોકે પરેડ પૂરી થતાં જ તે પોતાના દેશ જવા રવાના થઈ ગયા હતા. લુકાશેક્રોની તબિયત પણ ઘણા સમયથી ખરાબ ચાલી રહી છે. જોકે લુકાશેક્રોએ દાવો કર્યો હતો કે બધુ બરાબર છે અને તે જલ્દી સ્વસ્થ થઈ જશે. લુકાશેક્રોએ રવિવારે જ એક રશિયન મીડિયા ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે યુનિયન સ્ટેટ ઓફ બેલારૂસ અને રશિયા સાથે આવનાર દેશોને પરમાણુ હથિયાર આપવામાં આવશે. આ પહેલા લુકાશેક્રોએ એવો પણ દાવો કર્યો હતો કે રશિયા પાસેથી તેમને કેટલાક વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ પરમાણુ શસ્ત્રોનું ટ્રાન્સફર શરૂ થઈ ગયું છે. આ અંગે બંને દેશોમાં સમજૂતી ઉપર હસ્તાક્ષર પણ કરવામાં આવ્યા છે.

# કરસનભાઈ પટેલ : બિઝનેસ શરૂ કરવા માટે સરકારી નોકરી છોડીને ઘર-ઘરમાં બનાવ્યું જાણીતું નામ નિરમા પાઉડર; જેમની કુલ સંપત્તિ ૨.૭ અબજ ડોલર છે



નવીદિલ્હી, તા.૧

જો તમે નેવુંના દાયકા અથવા તે પહેલાંમાં જન્મ્યા છો તો તમે વૉશિંગ પાવડર નિરમા જિંગલ સાંભળ્યું હશે અને ઉત્પાદનનો ઉપયોગ પણ કર્યો હશે કારણ કે તે ઘરગથ્થુ નામ બની ગયું હતું. દરેક મધ્યમ-વર્ગના ઘરોમાં ઉત્પાદન વ્યાપકપણે જાણીતું હતું. ક્યારેય વિચાર્યુંછે કે આ લોકપ્રિય બ્રાન્ડ પાછળ કોણ હતું અને તેની શું વાર્તા છે. નિરમા પાછળના માણસની કથા આકર્ષક તેમજ પ્રેરણાદાયક છે તે સખત મહેનત, દ્રઢતા અને ક્યારેય ન છોડવાનું વલણ દર્શાવે છે. ગુજરાતમાં ખેડૂત પરિવારમાં જન્મેલ કરસનભાઈ પટેલે ૧૯૬૯માં તેમના ઘરની પાછળના યાર્ડમાં ડિટરજન્ટ પાવડરનું ઉત્પાદન શરૂ કર્યુ. અગાઉ તેઓ ગુજરાત સરકારના ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ વિભાગમાં પ્રયોગશાળા સહાયક તરીકે કામ કરતા હતા. જો કે,પોતાના સપનાને સાકાર કરવા માટે તેમણે નોકરી છોડવાનો નિર્ણય કર્યો. પટેલ, જેઓ ઓછી પ્રોફાઈલ રાખવાનું પસંદ કરે છે, તેમણે તેમના બેકયાર્ડમાં ડિટર્જન્ટ બનાવવાનું શરૂ કર્યું અને સાયકલ ઉપર ઘરે-ઘરે વેચવાનું શરૂ કર્યું. તે શેરી-શેરી ગામ- ગામ ઘૂમીને જાતે ડિટરજન્ટ પહોંચાડતા હતા. ધીમે ધીમે, ઉત્પાદને લોકપ્રિયતા મેળવી અને ઘર-ઘરનું નામ બની ગયું. તેમણે તેમની પુત્રી નિરૂપમાના નામ ઉપરથી ઉત્પાદનનું નામ નિરમા રાખ્યું છે.

ફોર્બ્સના અહેવાલ મુજબ ઓછી કિંમતને કારણે નિરમાએ યુનિલિવર અને પ્રોક્ટર એન્ડ ગેમ્બલ જેવી મોટી બ્રાન્ડ્સને સખત સ્પર્ધા આપી. આજે નિરમા વોલ્યુમની દ્રષ્ટિએ વિશ્વમાં સોડાએશના સૌથી મોટા ઉત્પાદકોમાંનું એક છે. આજે કંપની અનેકગણી વિકાસ પામી છે અને સિમેન્ટ, ડિટર્જન્ટ, સાબુ અને સૌંદર્ય પ્રસાધનોમાં મુખ્ય વ્યાપારી હિતો ધરાવે છે. ફોર્બ્સ અનુસાર, તેમની કુલ સંપત્તિ ૨.૭ અબજ ડોલર છે. ફોર્બ્સ ૨૦૨૩ની અબજોપતિઓની સૂચિમાં તેઓ ૧૧૦૪મા સ્થાને હતા. ૨૦૨૨માં ભારતના સૌથી ધનિકોની યાદીમાં તે ૭૦માં ક્રમે હતા. પટેલે લાંબા સમયથી આગામી પેઢીને કામગીરી સોંપી દીધી છે અને ૨૦૧૨માં ખાનગી કંપની બનાવી. તેમનું સિમેન્ટ યુનિટ નુવોકો વિસ્તાસ ઓગસ્ટ ૨૦૨૧માં સૂચિબદ્ધ કરવામાં આવ્યું હતું. પટેલને ૨૦૧૦માં પદ્મશ્રી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

# "રોજગારલક્ષી સાધનો થકી આત્મનિર્ભર બની પરિવારને ઉજ્જવળ ભવિષ્ય પ્રદાન કરીએ" : કલેકટર પ્રભવ જોષી

## કલેકટરના અધ્યક્ષસ્થાને રોજગારલક્ષી "સાધન સહાય વિતરણ" કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા. ૧

રાજકોટના જિલ્લા કલેકટર પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ સમાજ સુરક્ષા વિભાગના જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ ખાતે જરૂરિયાતમંદ બાળકો અને તેમના પરિવારને રોજગારલક્ષી સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રોજગારલક્ષી સાધનો જેવા કે રેકડી, સાયકલ, સિલાઈ મશીન તેમજ ઈ-શ્રમ કાર્ડ, આધારકાર્ડ, PMJAY કાર્ડ, રેશનકાર્ડ જન ધન યોજના સહિતની વિવિધ યોજનાઓના લાભથી ૧૭ પરિવારના ૪૧ બાળકોને લાભાન્વિત કરવામાં આવ્યા હતા. આ અવસરે કલેકટર પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દરેક જરૂરિયાતમંદ નાગરીકને સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ મળે તે માટે સકારાત્મક અભિગમ દાખવીને કામગીરી કરવામાં આવી રહી છે. આજે ખુશીનો દિવસ છે કે, સાધન સહાય કીટ, વિવિધ યોજનાઓના લાભ પગભર બનવામાં અને સારૂ જીવન જીવવવામાં મદદરૂપ થશે. જેનો વ્યસ્થિત ઉપયોગ કરવાથી આપની સાથે બાળકોનું પણ ભવિષ્ય સુધરશે. દરેક માતા-પિતા ઈચ્છતા હોય છે કે પોતાના બાળકનું ભવિષ્ય સંઘર્ષમય ન હોય ત્યારે બાળકોને શાળાએ મોકલીએ અને ભણાવી ગણાવીને તેનું ઉજ્જવળ ભવિષ્ય સુરક્ષિત કરીએ. ઉલ્લેખનીય છે કે, આ તકે રાજકોટ આરોગ્ય વિભાગદ્વારા મેડીકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાયનેક, મેડીસીન, પીડીયાટ્રીક, ઈ.એન.ટી. સર્જન અને રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમની ટીમ ઉપસ્થિત રહી હતી. તેમજ કલેકટરએ પ્રાંત અધિકારીશ્રીઓ અને સમાજ સુરક્ષા - બાળ સુરક્ષાની કામગીરીને બિરદાવી હતી. વધુમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અલ્પેશ ગોસ્વામીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેન રક્ષાબેન બોડિયાએ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં સહયોગી સંસ્થાના પ્રતિનિધિ હરેશભાઈ વોરા, પ્રાંત અધિકારી વિવેક ટાંક, કે.જી.ચૌધરી, સંદીપકુમાર વર્મા, સમાજ સુરક્ષા અધિકારી મહેશ ચૌહાણ, અનુસૂચિત જાતિના નિયામક સી.એન.મિશ્રા, PMJAY નોડલ અધિકારી હરસુખભાઈ સોજીત્રા, સમાજ સુરક્ષા વિભાગના અન્ય કર્મચારીઓ અને સેવાભાવી સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લક્ષ્ય કાર્યક્રમ અંતર્ગત રાજકોટની પી.ડી.યુ. હોસ્પિટલના લેબર રૂમ-મેટરનિટી ઓપરેશન થિએટરને મળ્યું કેન્દ્ર સરકારનું ક્વોલિટી સર્ટિફિકેટ



દેશની માતા-બહેનોને ઉત્તમ આરોગ્ય સેવાઓ મળી રહે, તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન મુજબ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર મિશન મોડમાં કામ કરી રહી છે અને રાજ્યમાં અનેકવિધ યોજનાઓ-કાર્યક્રમો અમલમાં મુકાયા છે. એટલું જ નહીં, મહિલાઓને હોસ્પિટલમાં અપાતી સારવાર અને માહોલની ગુણવત્તાનું પણ સમયાંતરે મૂલ્યાંકન કેન્દ્રીય ટીમ દ્વારા થતું હોય છે. લક્ષ્ય પ્રોગ્રામ અંતર્ગત હાલમાં જ રાજકોટની પંડિત દીનદયાલ ઉપાધ્યાય (પી.ડી.યુ.) હોસ્પિટલના લેબર રૂમ અને મેટરનિટી ઓપરેશન થિએટરનું મૂલ્યાંકન કરાયા બાદ, તેને કેન્દ્ર સરકારનું ક્વોલિટી સર્ટિફિકેટ પ્રાપ્ત થયું છે. સિવિલના તબીબોએ તેને રાજકોટ જિલ્લા માટે ગૌરવની ક્ષણ ગણાવી છે.

કેન્દ્ર સરકાર દ્વારા લેબર રૂમ ક્વોલિટી ઈનિશિએટિવ (લક્ષ્ય) પ્રોગ્રામ કાર્યરત છે. આ પ્રોગ્રામ અંતર્ગત લેબર રૂમ અને સિઝેરિયન ઓપરેશન થિયેટરની ગુણવત્તાની ચકાસણી કરાય છે. તાજેતરમાં હાથ ધરાયેલા લક્ષ્ય નેશનલ ઈન્સપેકશન અંતર્ગત પી.ડી.યુ. હોસ્પિટલમાં મેઘાલયના ડો. રીટોન અને વિજયવાડાના ક્વોલિટી ઓફિસર ચક્રવર્તીએ બે દિવસ સુધી ઈન્સ્પેકશન કર્યું હતું. જેમાં પી.ડી.યુ. હોસ્પિટલના ગાયનેક વિભાગના લેબર રૂમને ૯૮% અને સિઝેરીયન ઓપરેશન થિએટરને ૯૫% માર્ક્સ મળ્યા છે. ગાયનેક વિભાગના પ્રાધ્યાપક અને વિભાગના વડા ડો. કમલભાઈ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, લક્ષ્ય સર્ટીફીકેટ મેળવવા બેઝલાઈન (સેલ્ફ), પીયર, સ્ટેટ અને નેશનલ એસેસમેન્ટમાંથી પસાર થવાનું હોય છે. જેમાં મુખ્યત્વે નેશનલ ક્વોલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડનું ચેક લીસ્ટ ભરવાનું હોય છે. અસેસમેન્ટ દરમ્યાન દર્દીઓને અપાતી સેવા, દર્દીઓના હક, ઈનપુટ, સપોર્ટ સર્વિસ, ક્લિનિકલ સર્વિસ, ઈન્ફેકશન કંટ્રોલ, ક્વોલિટી અને આઉટકમ (ડેટા) વિષે ખૂબ જ ઊંડાણપૂર્વક માહિતી એકત્રિત કરવામાં આવે છે. આ માહિતી મેળવવા સ્ટાફ ઈન્ટરવ્યૂ, પેશન્ટ ઈન્ટરવ્યૂ, રજિસ્ટર રીવ્યુ અને અવલોકન કરવામાં આવતું હોય છે.

તેમણે ઉમેર્યું હતું કે, પી.ડી.યુ. હોસ્પિટલના ગાયનેક વિભાગની ટીમએ જહેમત ઉઠાવી માઈક્રો પ્લાનિંગ સાથે કામ કરી આ અનેરી સિદ્ધી મેળવેલી છે. પી.ડી.યુ. હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. આર. એસ. ત્રિવેદી તથા તમામ સ્ટાફની ઉમદા કાર્યશૈલીને કારણે ક્વોલિટી સર્ટિફિકેટ મળેલું છે. ગાયનેક વિભાગની કામગીરીની ગુણવત્તા જળવાઈ રહે તેમજ હોસ્પિટલમાં આવતા તમામ દર્દીઓને સર્વોતમ સારવાર મળી રહે તેવા પ્રયાસો કરવામાં આવશે.

આલેખન - માર્ગી મહેતા

# કૃષિ સહાયક કાર્યક્રમ એ.જી.આર.-૨ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં ૪૨૦૦થી વધુ ખેડૂતોને રૂા.૨૧૯.૭૨ લાખની સહાય

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા. ૧

રાજ્યના ખેડૂતો ટેક્નોલોજી અને મશીનરીનો ઉપયોગ કરીને સરળતાથી ખેતી કરી શકે તે માટે રાજ્ય સરકાર કૃષિ યાંત્રિકરણને પ્રોત્સાહન આપી રહી છે. જે અંતર્ગત વિવિધ યોજનાઓ અમલમાં છે. જેમાં ખેડૂતોને ખેતીમાં ઉપયોગી વિવિધ સાધનો-મશીનરી ખરીદવા સરકારી સહાય આપવામાં આવે છે. આવી જ એક યોજના એટલે એ.જી.આર.-૨. જેમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ સિવાયના ખેડૂતોને મશીનરી ખરીદવા માટે સરકાર સબસિડી થકી પ્રોત્સાહન આપે છે. રાજકોટ જિલ્લામાં એ.જી.આર.-૨ યોજના (અનુસૂચિત જાતિ અને જનજાતિ સિવાયના ખેડૂતો માટે) અંતર્ગત ગત નાણાકીય વર્ષમાં ૪૨૧૧ ખેડૂતોએ લાભ મેળવ્યો છે.

આ ખેડૂતોને કુલ રૂપિયા ૨૧૯.૭૨૩ લાખની સહાય ચૂકવવામાં આવી છે. નોંધનીય છે કે, એ.જી.આર.-૨ યોજના એ સંપૂર્ણ રાજ્ય સરકાર પુરસ્કૃત યોજના છે. રાજ્યમાં ઓછા ખર્ચે સારૂ અને વધુ ખેત ઉત્પાદન મેળવી શકે તે માટે કૃષિ યાંત્રિકરણનો વ્યાપ વધારવો જરૂરી છે. કૃષિ યાંત્રિકરણ થવાથી ખેડૂત કુદરતી અમુલ્ય સ્ત્રોત જેવા કે, જમીન, પાણી તથા વાતાવરણનો મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગ કરીને ઓછા ખર્ચે સારી ગુણવત્તાવાળુ અને વધુ ખેત ઉત્પાદન મેળવી શકે છે.

રાજયના ૨૦૮ તાલુકામાં સામાન્ય વર્ગના (અનુસૂચિત જાતિ અને અનુસુચિત જનજાતિ સિવાયના) ખેડૂતોને એ.જી.આર.-૨ (કૃષિ યાંત્રિકીકરણ) યોજના હેઠળ સહાય આપવામાં આવે છે. જેમાં ખેડૂતો સરકાર દ્વારા એમ્પેનલ થયેલી કંપની કે સાધનોની ખરીદી કરીને સહાય-સબસિડી મેળવી શકે છે. આ યોજનામાં ખેડૂતો પાવર ટીલર, રાઈસ પ્લાન્ટર, સેલ્ફ પ્રોપેલ્ડ મશીનરીઝ, ટ્રેકટર / પાવર ટીલર/સંચાલિત ઓજાર/સાધનો કે મશીનરીઝ, ઈલેક્ટ્રિક મોટર સંચાલિત સાધનો કે મશીનરીઝની ખરીદી કરી શકે છે. જેમાં નાના-સીમાંત ખેડૂતોને કુલ ખર્ચના ૫૦ ટકા અથવા સાધન-મશીનરીના ખર્ચ મુજબ જે ઓછું હોય તેટલી રકમની સબસિડી આપવામાં આવે છે. જયારે અન્ય ખેડૂત લાભાર્થીને કુલ ખર્ચના ૪૦ ટકા અથવા સાધન-મશીનરીના ખર્ચ મુજબ જે ઓછું હોય તેટલી રકમની સબસિડી આપવામાં આવે છે.

# ખંભાળિયામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ ખેત પેદાશોનું વેંચાણ તથા પ્રદર્શન કાર્યક્રમ યોજાયો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા. ૧

કૃષિ અને ઋષિની સંસ્કૃતિ ધરાવતા ભારત વર્ષના ધરતીપુત્રો સુખી અને સમૃધ્ધ બને તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ભારતના ખેડુતોની આવક બમણી કરવાનો સંકલ્પ છે. ખેડૂતો સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈ આર્થિક રીતે સમૃધ્ધિની દિશામાં આત્મનિર્ભર બની આગળ આવી રહ્યા છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ અનેક ખેડૂતો સરકારની વિવિધ યોજનાનો લાભ લઈ પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી તરફ વળેલા ખેડૂતોને પ્રોત્સાહન પૂરૂ પાડવા અને પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ થાય તે હેતુથી જિલ્લા કલેકટર અશોક શર્માના માર્ગદર્શન હેઠળ જિલ્લા સેવા સદન ખાતે પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ -પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો.

આ બેઠકમાં જિલ્લા કલેકટર અશોક શર્મા દ્વારા શાકભાજી, કઠોળ સહિતની પ્રાકૃતિક પેદાશોની ખરીદી કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહન મળી રહે અને તેમની પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ થાય તેવા આશય સાથે આજ રોજ જિલ્લા સેવા સદન ખાતે પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ તથા પ્રદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા પ્રાકૃતિક ખેત પેદાશોની ખરીદી કરવામાં આવી હતી. ઋગ્વેદના શ્લોક અનુસાર વેદોમાં ઋષિઓએ માં ના રૂપે ધરતી માતા અને ગૌમાતાને વિશેષ દરજજો આપ્યો છે, જેની સુરક્ષાની જવાબદારી દરેક માનવી ઉપર છે. ધરતી માતાનું સ્વાસ્થ્ય ગૌમાતાના સંરક્ષણ સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. ત્યારે ખેડૂતો હવે ધરતીમાતાના રક્ષણ કાજે ગૌ આધારીત ખેતી તરફ વળી રહ્યા છે.

માત્ર મગફળી, કપાસ, કઠોળ જેવા પાકો જ નહીં પરંતુ શાકભાજી, વિવિધ ફળોનું પણ પ્રાકૃતિક ખેતીના માધ્યમથી વાવેતર કરવામાં આવી રહ્યું છે અને આવક માટેનું નવું માધ્યમ બનાવ્યું છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાની સંકલન સહ ફરીયાદ સમિતિની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાઈ




(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા. ૧

દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર અશોક શર્માના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. જનહિતના વિકાસ કામોને અગ્રતા આપી નિયત સમયમાં કામો પૂર્ણ કરવા તથા લોકોના પ્રશ્નોનું સમયમર્યાદામાં નિવારણ લાવવા અંગે આ બેઠકમાં સૂચનો કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓને રજૂ કરવામાં આવેલા પ્રશ્નોના પરસ્પર સંકલન અને વ્યવહારૂ અભિગમ અપનાવી લોકોના પ્રશ્નોને આયોજનબદ્ધ રીતે પૂર્ણ કરવા કેટલાક રચનાત્મક સૂચનો પણ કરાયા હતા. આ સાથે જન પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોની સમીક્ષા કર્યા બાદ સંકલન સહ ફરિયાદ સમિતિના વિવિધ પ્રશ્નોનું નિવાસી અધિક કલેકટર ભુપેશ જોટાણીયા દ્વારા વાંચન કરવામાં આવ્યું હતું. કામગીરી અંગે સમીક્ષા કરતા જિલ્લાના વિવિધ વિભાગ સાથે સંકલનમાં રહીને જિલ્લામાં વહીવટ સરળ, સુગમ અને ઝડપી બને તે માટે કલેકટર દ્વારા કેટલાક રચનાત્મક સૂચનો કરીને અધિકારીઓને માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લાં પંચાયત પ્રમુખ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.આર. પરમાર, ડી.વાય.એસ.પી. પરમાર, સહિત સંકલન સમિતિના તમામ અધિકારીઓ તથા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયાની સેવાકુંજ હવેલીમાં ચુનરી મનોરથના દર્શન યોજાયા



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા. ૧

ખંભાળિયામાં બરછા સ્ટ્રીટ ખાતે આવેલી જાણીતી સેવાકુંજ હવેલી ખાતે ગઈકાલે મંગળવારે સાંજે ચુનરી મનોરથના દર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લાભ મોટી સંખ્યામાં વૈષ્ણવ ભાઈઓ-બહેનોએ લીધો હતો. આ દર્શનના આયોજન માટે હવેલીના પૂજ્ય ગોસ્વામી શ્રી માધવી વહુજી તેમજ સેવાભાવી ભક્તો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ખંભાળિયા શહેર યુવા ભાજપના નવા હોદ્દેદારો નિમાયા



(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા. ૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં શહેર યુવા ભાજપના હોદ્દેદારોની વિધિવત જાહેરાત કરવામાં આવી છે. જેમાં શહેર યુવા ભાજપના પ્રમુખ તરીકે સક્રિય કાર્યકર કિશનભાઈ ગોહેલ, મહામંત્રી તરીકે દેવ શાહ અને બ્રિજરાજસિંહ જાડેજા, ઉપપ્રમુખ તરીકે જીતુભાઈ ગઢવી, ભૌમિક ત્રિવેદી, ભાર્ગવ ઘઘડા, દિવ્ય જોશી અને શક્તિ ગઢવી તેમજ મંત્રી તરીકે હાર્દિકસિંહ જાડેજા, હેમાંગ પિત્રોડા, તુષાર નડીયાપરા, મીત સવજાણી અને તપન શુક્લ જ્યારે કોષાધ્યક્ષ તરીકે દર્શિલ બારોટ અને આઈ.ટી. સેલ માટે પાર્થ સોલંકીને જવાબદારી સોંપવામાં આવી છે. નવનિયુક્ત યુવા કાર્યકરોની આ ટીમને સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ વનરાજસિંહ વાઢેર વિગેરેએ આવકારી અને અભિનંદન પાઠવ્યા હતા.

# સલાયાની આંગણવાડીની મુલાકાત લેતા સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓ

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા. ૧

મહિલા અને બાળ વિભાગ અંતર્ગત સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓ દ્વારા ખંભાળિયા તાલુકાના સલાયા ગામની વિવિધ આંગણવાડીની મુલાકાત લેવામાં આવી હતી. જે અંતર્ગત સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટીકર લગાવવામાં આવ્યા હતા. સાથે ત્યાં ઉપસ્થિત આંગણવાડી વર્કર અને હેલ્પરોને સખી વન સ્ટોપ સેન્ટર મહિલાઓને કઈ રીતે મદદરૂપ થઈ શકે તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત મહિલા અને બાળ વિભાગ અંતર્ગતની વિવિધ યોજનાઓ જેવી કે વ્હાલી દિકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, મહિલા સ્વાવલંબન યોજના, વિધવા પુનઃલગ્ન યોજના તથા ૧૮૧ મહિલા હેલ્પલાઈન અંગે જાણકારી આપવામાં આવી હતી.

# શ્રી દ્વારકાધીશ મંદિર ખાતે વિશેષ દર્શનનું અયોજન કરાયું



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૧

દ્વારકાધીશ મંદિર ખાતે વિક્રમ સંવત ૨૦૭૯ના જેઠ સુદ-૧૫ (પૂનમ) તા.૪/૬/૨૦૨૩ને રવિવારના દિવસે શ્રીજીના જયેષ્ઠાભિષેક/ જલયાત્રા ઉત્સવનો અનુલક્ષીનો શ્રીજીના વિશેષ દર્શન રાખેલ છે. સર્વે વૈષ્ણવોએ દર્શનનો લાભ લેવા વિનંતી. તેમજ સંસ્થાની વેબસાઈટ www.dwarkadhish. org તથા સંસ્થાના અન્ય અધિકૃત સોશ્યલ મીડીયાના માધ્યમથી ઓનલાઈન દર્શન નિહાળી શકાશે. વધુમાં તા.૪/૬/૨૦૨૩ને રવિવાર પુનમના મંગલા આરતી સવારે ૬ કલાકે, જયેષ્ઠભિષેક (ખુલ્લા પડદે સ્નાન) સવારે ૮ કલાકે, શ્રૃંગાર આરતી સવારે ૧૧ કલાકે, અનોસર (બંધ) બપોરે ૧ થી ૫ સુધી, ઉત્થાપન સાંજે ૫ કલાકે, ઉત્સવ દર્શન સાંજે ૭ કલાકે થશે તેમ યાદીમાં જણાવેલ છે.

### યોગ્ય શિક્ષણ બાળકનું ભાગ્ય બદલી શકે છે

# ધો.૧૦-૧૨નું પરિણામ આવી ગયા બાદ શાળા 'પસંદગી' અત્યંત મહત્વની

## લોભામણી જાહેરાતો કે કોઈની દોરવણીથી ખેંચાયા વિના પોતાનું બાળક યોગ્યતા પ્રાપ્ત કરે તેવી શાળાની પસંદગી કરવી જરૂરી






જૂનાગઢ તા.૧

માર્ચ ૨૦૨૩માં લેવામાં આવેલી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષાના ધો.૧૦-૧૨ના પરિણામો જાહેર થઈ ગયા છે. ગઈકાલે ધો.૧૦નું પરિણામ બહાર આવી ગયા બાદ વિદ્યાર્થીઓને યોગ્ય શાળાની પસંદગી કરવાનો માર્ગ ખુલ્લો થયો છે ત્યારે કોઈપણ જાતની લોભામણી જાહેરાતમાં આવ્યા વિના પોતાનું બાળક શ્રેષ્ઠ શાળામાં અભ્યાસ કરી શકે તે માટે વાલીઓ પાસો પસંદગીનો માર્ગ મોકળો થયો છે. આ સાથે ઉનાળુ વેકેશન પણ પુર્ણ થવામાં છે ત્યારે પોતાનું બાળકનું પાયાનું ભણતર પણ ઉત્તમ પ્રાપ્ત કરે તે માટે યોગ્ય દિશા પસંદ કરવી તે બાળકના ઉજ્જવળ ભવિષ્યનો મજબુત પાયો છે.

તાજેતરમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ, ધો.૧૨ સામાન્ય પ્રવાહ અને ધો.૧૦નું પરિણામ જાહેર થઈ ચુકયું છે. કારકિર્દીના શ્રેષ્ઠ લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે વિદ્યાર્થીને જે તે ફેકલટી પસંદ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે ત્યારે વિદ્યાર્થી અને તેના વાલીઓએ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે કે તેનું બાળક સારી રીતે અભ્યાસ કરી શકે અને તેનામાં રહેલી ઉત્તમ શકિત ખીલી ઉઠે અને તેના માટે શાળા પસંદગી કાર્ય અત્યંત જરૂરી છે. હાલના સંજોગોમાં જોવા જઈએ તો જયારથી પરિણામો આવવાના શરૂ થયા હોય છે ત્યારથી મોટાભાગની સ્કૂલો દ્વારા અનેક પ્રકારના પેપલેટો તેમજ પોતાની શાળા શ્રેષ્ઠ છે તેવા મસમોટા દાવાઓ સાથે પ્રચાર તંત્ર જોરશોરથી પણ વેગવંતુ બનાવવામાં આવેલ છે. એટલું જ નહી કેટલીક શાળાઓ દ્વારા પોતાના શાળામાં જો વિદ્યાર્થીઓને પ્રવેશ અપાઈ તો શાળાની ફીમાં અમુક ટકા માફ કરી દેવામાં આવશે તેવી સ્કીમો પણ બહાર પાડવામાં આવી છે અને વેકેશનનો સમય પુરો થવામાં છે ત્યારે જૂનાગઢ સહિત રાજયભરની વિવિધ સ્કૂલોના દરવાજે અત્યારે વાલીઓ અને વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા માટેની વ્યવસ્થામાં લાગી ગયા છે. નિષ્ણાંતોનું એવું મંતવ્ય છે કે પોતાના બાળકમાં કેવા પ્રકારની શકિત છે તેનું સર્વેક્ષણ વાલીએ પોતાની જાતે જ કરી લેવું જોઈએ. આ સર્વેક્ષણ કરાયા બાદ વિદ્યાર્થીને કયા વિષયમાં રસ છે તે અત્યંત મહત્વનો પોઈન્ટ છે અને તેની ઉપર વાલીઓએ ધ્યાન કેન્દ્રીત કરી અને માર્ગદર્શન ગુરૂનું મંતવ્ય લઈ અને આ વિદ્યાર્થીના ઉજજવળ ભવિષ્યનો ફેંસલો કરવો જોઈએ તો જ તેનું બાળક કે વિદ્યાર્થી ભવિષ્યનું નિર્માણ કરી શકે તેમ છે. પરંતુ આ સાથે નિષ્ણાંતોએ એવી ચેતવણી પણ આપી છે કે કોઈના દોરવ્યા દોરાવવું નહી કારણે તમારો એક ફેંસલો બાળકના ઉજજવળ ભવિષ્ય માટે અંધકાર બની શકે તેમ છે. જેથી નવા એડમીશન માટે શ્રેષ્ઠ શાળાની પસંદગી કરવી અત્યંત જરૂરી છે. આ ઉપરાંત આજે હાઈટેક ટેકનોલોજીના યુગમાં બચપણથી જ બાળકમાં વિવિધ શકિતઓ ખીલવવી જરૂરી છે અને આ શકિતઓના આધારે જે તે બાળક પોતાનું કૌશલ્ય દાખવી શકે તેમ છે. આજે નવા શૈક્ષણિક સત્રની શરૂઆતથી જ પાયાનું ભણતર મેળવવા માટે વાલીઓ પોતાના બાળકને લોયર કેજી, હાયર કેજી કે પ્રાયમરી સ્કુલોમાં અભ્યાસ માટે મુકવાની તજવીજ હાથ ધરી રહ્યા છે ત્યારે તે માટે શ્રેષ્ઠ વિકલ્પ એ છે કે સારી સ્કૂલની પસંદગી અને પોતાના બાળકને ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત થાય તેના માટે યોગ્ય વ્યવસ્થા કરવી જરૂરી છે. કોઈપણ જાતની લોભામણી જાહેરાત કે અન્ય કોઈ પ્રલોભન વિના બાળકને માટે સારી અભ્યાસ માટે વ્યવસ્થા ગોઠવવા નિષ્ણાંતોનો મત રહેલો છે. આ સાથે જ વાલીઓનો એક ખાસ ધ્યાનમાં લેવી બાબત એ છે કે શાળામાં અભ્યાસ કરતા દરેક એટલે કે ઉદાહરણ તરીકે એક સ્કૂલમાં ૧૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય અથવા તો એક ટયુશન કલાસીસના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ માર્ગદર્શન ટયુશન કલાસના સંચાલકો પાસેથી મેળવી રહ્યા હોય અને વર્ષ આખાની મહેનત કર્યા બાદ જયારે આ વિદ્યાર્થી પરીક્ષામાં બેસે છે અને પરીક્ષા બાદ પરિણામ જાહેર થાય છે ત્યારે જે તે શાળા અથવા તો ટયુશન કલાસીસના વિદ્યાર્થીઓમાં ફકતનો ફકત અમુક વિદ્યાર્થીઓએ બોર્ડમાં સ્થાન પામે છે ત્યારે વાલીઓનો સવાલ એ થાય છે કે આ સ્કૂલ અથવા ટયુશન કલાસીસમાં પોતાના બાળકને પણ મસમોટી ફી ભરી અને અભ્યાસ કરવા મુકયો હતો પરંતુ પરિણામ કેમ તેનું ઓછું આવ્યું એવો સવાલ દરેક વાલીના મનમાં ઉઠતો હોય છે. પરંતુ એક બાબત ખાસ ગ્રહણ કરવાની છે કે ૧૦૦ વિદ્યાર્થીઓમાંથી પાંચ વિદ્યાર્થી એવા હોય છે કે તેઓ ગમેતેવી કઠીન પરીસ્થીતમાંથી પણ સારા માર્કસ ચોક્કસ લાવતા હોય છે અને તે તેમની જન્મજાત કુદરતની મહેરબાની અને તેનું મહેનતનું પરિણામ છે નહી કે જે તે સ્કુલ અથવા ટયુશન કલાસીસની મહેનત જેથી આ બાબતો પણ ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર હોવાનું નિષ્ણાંતોએ જણાવ્યું છે. આ તકે એટલું જ કહેવાનું કે દરેક વાલી પોતાના બાળક માટે યોગ્ય શાળાની પસંદગી પ્રાપ્ત કરી અને તેના બાળક અથવા વિદ્યાર્થીનું ભવિષ્ય ઉજજવળ બને તેવા પ્રયત્નો કરવા જોઈએ આ તકે આજના વિદ્યાર્થી આવતીકાલનું ભવિષ્ય શ્રેષ્ઠ બનાવી શકે તેવી સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર દ્વારા હાર્દિક શુભકામના પાઠવવામાં આવે છે.

# શિક્ષણનું હબ ગણાતા જૂનાગઢ જીલ્લાનું ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું કંગાળ પરીણામ

## ગત વર્ષ કરતા જૂનાગઢ જીલ્લાનું ૧૮.૮૪ ટકા ઓછું પરીણામ આવ્યું : એ-૧ ગ્રેડમાં માત્ર ૩૭ વિદ્યાર્થીઓ જવાબદાર કોણ ? વાલીઓ કે શિક્ષણ ગુરૂઓ કે વિદ્યાર્થીઓ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧


ગુજરાતનાં ૩૩ જીલ્લામાંથી વિવિધ ક્ષેત્રોમાં ક્રાંતિકારી કામગીરી માટે જૂનાગઢ જીલ્લો મોખરે ગણાય છે. જૂનાગઢ શહેર અને જીલ્લો શિક્ષણનાં હબ તરીકે પ્રસ્થાપિત થયો છે પરંતુ ગઈકાલે જયારે ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ જાહેર થયું છે ત્યારે જૂનાગઢ જીલ્લાનું ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૬૭.૬૬ ટકા પરીણામ આવ્યું છે અને ગત વર્ષ કરતા ૧૮.૮૪ ટકા ઓછું પરીણામ આવ્યું છે ત્યારે અનેક પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ છે. જૂનાગઢ શહેરમાં કહેવાતા શિક્ષક ગુરૂઓ, માર્ગદર્શકો, વિદ્યાર્થીઓને અભ્યાસનું માર્ગદર્શન આપવામાં ઉણા ઉતર્યા કે શું ? તેવો સવાલ ચર્ચાનાં એરણ ઉપર છે.

પાછલા વર્ષોમાં જોઈએ તો ધો.૧૦ અને ધો.૧૨નાં બંને પ્રવાહનાં પરીણામો શ્રેષ્ઠ સાબીત થતા હતા અને તેજસ્વી વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે.

જયારે પાછલા વર્ષોની સરખામણીમાં આ વર્ષે ધો.૧૦-ધો.૧૨ બંને વિભાગનાં પરીણામો ખુબજ ઓછા આવ્યા છે જેને લઈને વિદ્યાર્થી જગત તેમજ વાલી જગતમાં ભારે ચર્ચા ઉઠવા પામી છે. ગુજરાત રાજયમાં ૩૩ જીલ્લાની વિવિધ શાળાઓનાં પરીણામોની ટકાવાર જૂનાગઢ જીલ્લા કરતા વધારે હોવાનું ફલિત થાય છે. જયારે સવાલ એ ઉઠે છે કે જૂનાગઢનાં શિક્ષણ ગુરૂઓ કે શિક્ષણ સંસ્થાઓનાં સંચાલકો ટયુશન કલાસીસનાં સંચાલકો કરે છે શું? તેવો સવાલ પણ આજે ઉઠવા પામેલ છે. જૂનાગઢ શહેરમાં શાળાઓની સંખ્યા વધુ છે અને આ શાળાઓમાંથી મોટાભાગની શાળાઓનાં સંચાલકો પોતાની શાળા શ્રેષ્ઠ છે તેવા દાવાઓ કરી રહયા છે તો બીજી તરફ સંખ્યાબંધ ટયુશન કલાસીસો પણ કાર્યરત છે અને આ ટયુશન કલાસીસનાં સંચાલકો પણ પોતે શ્રેષ્ઠ શિક્ષણ આપી રહયા હોવાની વાતો કરી રહયા છે. પરીક્ષાનો કાર્યક્રમ જાહેર થાય ત્યારથી લઈ નવા એડમીશનો આપવાની કાર્યવાહી ચાલતી હોય ત્યાં સુધી જૂનાગઢ શહેર અને જીલ્લાના શાળા સંચાલકો તેમજ ટયુશન કલાસીસનાં સંચાલકો પોતાની સ્કુલમાં અભ્યાસ કરી ગયેલા અને ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી ગયેલા હોંશીયાર વિદ્યાર્થીઓનાં ફોટોગ્રાફસ સાથેની જાહેરાતો અખબારો અને પેમ્ફલેટમાં સતત આપતા રહયા છે. અને આ પ્રચાર માધ્યમ થકી જે તે શાળાને ટયુશન કલીસીસો પ્રત્યે વાલીઓ અને વિદ્યાર્થીઓ આકર્ષાય રહયા છે અને મસ મોટી ફી ભરી વિદ્યાર્થીનો જે તે સંસ્થાઓમાં દાખલ કરવામાં આવતા હોય છે પરંતુ જયારે પરીણામો જાહેર જાય છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં નિરાશાનું મોજું ફરી વળે છે. આવું જ આ વર્ષે ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષાનાં પરીણામોએ બતાવી આપ્યું છે. જેને લઈને વાલીઓ છડે ચોક એવું મોલતા થયા છે કે, શિક્ષણનાં નામે આવી સંસ્થાઓમાં વેપલો કરી રહી છે. ભલે વેપલો કરે પરંતુ વિદ્યાર્થીને જે તે સંસ્થાનાં માધ્યમથી પરીણામ લક્ષી શિક્ષણ પણ મળે તે જરૂરી છે.

ગઈકાલે જાહેર થયેલા ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં જૂનાગઢ જીલ્લામાં માત્ર ૩૭ વિદ્યાર્થીઓને જ એ-૧ ગ્રેડ પ્રાપ્ત થયા છે જેમાં ગત વર્ષ કરતા ખુબજ ઘટાડો થયો છે અને આ બાબત અતિશય ગંભીર છે જેનું સોલ્યુશન કાઢવું જરૂરી છે.

## માણાવદરનાં થાપલા ગામની સીમમાંથી રૂા. ૭.૬૯ લાખનો દારૂ ઝડપી લેતી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

માણાવદર તા. ૧

માણાવદર તાલુકાનાં બાંટવા તાબેનાં થાપલા ગામની સીમમાં એલસીબીએ દરોડો પાડી રૂા. ૭.૬૯ લાખની કિંમતનો ૧૮૧૨ બોટલ દારૂ પકડી લઈ રૂા. ૧૦.૩૯ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે બુટલેગરો રાબેતા મુજબ ફરાર થઈ ગયા હતાં. એલસીબીએ આ મામલે બાંટવા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ માણાવદર તાલુકાનાં થાપલા ગામનાં સાજણ ભીલા કોડીયાતર અને ઘુઘા મુળુ ઉલવાએ પોતાનાં સાગરીતો સાથે મળી વિદેશી દારૂનો મોટો જથ્થો મંગાવી ગામનાં પાદરમાં આવેલી ખુલ્લી જગ્યામાં કટીંગ કરતા હોવાની બાતમી મળતા એલસીબી પીઆઈ જે.જે. પટેલ, પીએસઆઈ જે.જે. ગઢવી સહિતનાં સ્ટાફે આ સ્થળે દરોડો પાડયો હતો. પરંતુ બુટલેગર સાજણ કોડીયાતર, ઘુઘા મુળુ ઉલવા, બોલેરો જીપનો ચાલક તથા અન્ય બે અજાણ્યા શખ્સો નાસી ગયા હતાં. એલસીબીએ ત્યાં પડેલી જીપમાં તપાસ કરતાં તેમાંથી રૂા. ૭.૬૯ લાખની કિંમતનો ૧૮૧૨ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ ઉપરાંત બે મોબાઈલ ફોન મળ્યા હતાં. દારૂ, મોબાઈલ, જીપ મળી કુલ રૂા. ૧૦.૩૯ લાખનો મુદામાલ કબ્જે કરી એલસીબીએ બુટલેગરો સામે બાંટવા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવ્યો હતો. બાંટવા પોલીસની જાણ બહાર એલસીબીએ પાડેલા આ દરોડાથી અનેક સવાલો ઉઠયા હતાં. હાલ પોલીસે બુટલેગરોને પકડવા તજવીજ હાથ ધરી છે.

## જૂનાગઢ જીલ્લા નાયબ વિકાસ અધિકારી તરીકે શ્રી પી.એ. જાડેજાની નિમણુંક

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

ગુજરાતના જુદા-જુદા જીલ્લામાં ડેપ્યુટી કલેકટર, પ્રાંત ઓફિસર તરીકે ફરજ બજાવતા ૭૭ ઉચ્ચ અધિકારીઓને સામાન્ય વહિવટ વિભાગ દ્વારા પ્રમોશન આપવામાં આવ્યા છે. જેમાં શ્રી પી.એ. જાડેજાને નાયબ જીલ્લા વિકાસ અધિકારી તરીકે જૂનાગઢ ખાતે મુકવામાં આવેલ છે. આ ઉપરાંત શ્રી એન.ડી. ગોવાણીને જામનગર જીલ્લાના લાલપુર ખાતે પ્રાંત ઓફિસર તરીકે નિમણુંક આપવામાં આવી છે. જયારે મીસ. જી.જી. દેવમાનીને નાયબ જીલ્લા વિકાસ અધિકારી તરીકે ભાવનગર ખાતે મુકવામાં આવેલ છે.

### વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત

## સોનાનો ચેન, રોકડ મળી રૂા.૨,૫૦ લાખનું પર્સ બે કલાકમાં શોધી અપાયું



જૂનાગઢ, તા.૧

૪૦ ગ્રામ સોનાના ચેન તથા રોકડ રૂપીયા સાથે કુલ રૂા.૨,૫૦,૦૦૦/-ની કીંમતનુ પર્સ નેત્રમ શાખા તથા ભવનાથ પો.સ્ટે. દ્વારા વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરેલ સીસીટીવી કેમેરાથી ફક્ત ૨ કલાકમાં શોધી આપવામાં આવેલ છે. આ બનાવ અંગે મળતી વિગત અનુસાર તૃપ્તીબેન દીક્ષીતભાઈ ભટ્ટ આલ્ફા સ્કૂલ સામે જૂનાગઢ ખાતે રહેતા હોય અને પોતાના અંગત કારણસર ભવનાથ વિસ્તારથી જયશ્રી રોડ તરફ જવા માટે ઓટો રીક્ષામાં બેઠેલ, જયશ્રી રોડ ઉતરતા તેમની સાથે રાખેલ ૧ પર્સ કે જેમાં ૪૦ ગ્રામ સોનાના ચેન તથા રોકડ રૂપીયા હતા, તે પર્સ ઓટો રીક્ષામાં જ ભુલી ગયેલ, તેઓએ ઓટો રીક્ષા શોધવા પ્રયત્ન કરેલ, પરંતુ ઓટો રીક્ષા મળેલ નહી, સોનાના ચેન તથા રોકડ રૂપીયા સહીતનું કુલ રૂા.૨,૫૦,૦૦૦ની કિંમતનું પર્સ ભવિષ્યમાં મળવુ મુશ્કેલ હોય તેઓના પતી પણ કોરોના કાળમાં મૃત્યુ પામેલ હોય અને તૃપ્તીબેન અને તેમના પરીવાર આર્થીક રીતે મધ્યમ પરીસ્થીતીમાં ગુજરાન ચલાવતા હોય તેઓએ તેમના વ્યથિત મને આ બાબતની જાણ જીલ્લાના નેત્રમ શાખાના (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પી.એસ.આઈ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) અને ભવનાથ પોલીસ સ્ટાફ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જૂનાગઢ રેન્જના આઈજી મયંકસિંહ ચાવડા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે.

જૂનાગઢ હેડ ક્વા. ડી.વાય.એસ.પી. એ.એસ. પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખાના (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પી.એસ.આઈ પી.એચ.મશરૂ, પો.કોન્સ. હાર્દીકસીંહ સીસોદીયા, દેવેનભાઈ સીંધવ, વીમલભાઈ ભાયાણી, હરસુખભાઈ સેસોદીયા, કુસુમબેન મેવાડા, એન્જીનીયર રેયાઝભાઈ અંસારી સહિતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી તૃપ્તીબેન ભટ્ટ જે સ્થળેથી ઓટો રીક્ષામાંથી ઉતરેલ તે સ્થળના વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસી ટીવી ફૂટેજ ચેક કરી ઓટો રીક્ષાના નંબર GJ ૦૧ DX ૦૦૯૮ શોધેલ. સીસી ટીવી કેમેરા દ્વારા ઓટો રીક્ષાને ટ્રેક કરતા જાણવા મળેલ કે ઓટો રીક્ષા ભવનાથ પો.સ્ટે. વિસ્તારના લંબે હનુમાન મંદિર પાસે હાલ હોય જેથી પી.એસ.આઈ. પી.એચ.મશરૂ દ્વારા ભવનાથ પો.સ્ટે.ના પી.એસ.આઈ. એમ.સી.ચુડાસમાંને વીગતવાર માહીતી જણાવેલ, ભવનાથ પી.એસ.આઈ. એમ.સી. ચુડાસમાં દ્વારા ભવનાથ એ.એસ.આઈ. રામદેભાઈ બામરોટીયા, હે.કો. રાજુભાઈ ઉપાધ્યાય, પો.કોન્સ. રાજુભાઈ ગળચર, રોહીતભાઈ હડીયાની ટીમ બનાવી નંબર આધારે ઓટો રીક્ષાની તપાસ કરતા GJ ૦૧ DX ૦૦૯૮ની ઓટો રીક્ષા લંબે હનુમાન મંદિર સામેથી મળી આવેલ, તે આધારે ઓટો રીક્ષા ચાલક અરજણભાઈ રાજાભાઈ ખાંભલાને ભવનાથ પો.સ્ટે. ખાતે લાવી પોલીસ સ્ટાફ દ્વારા આકરી ભાષામાં પૂછપરછ કરતા અરજણભાઈ દ્વારા પોતાની ઓટોરીક્ષામાં કોઈ પેસેન્જર પર્સ ભુલી ગયાનું જણાવેલ, પરંતુ આ પર્સ કોનુ છે? તે તેમને ખ્યાલ ન હતો, નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ તથા ભવનાથ પોલીસ સ્ટાફ દ્વારા ફક્ત ૨ કલાકમાં ૪૦ ગ્રામ સોનાના ચેન તથા રોકડ રૂપીયા સાથે કુલ રૂા.૨,૫૦,૦૦૦/-ની કીંમતનુ પર્સ શોધી અને તૃપ્તીબેન દીક્ષીતભાઈ ભટ્ટને પરત આપેલ. જૂનાગઢ નેત્રમ શાખા તથા ભવનાથ પો.સ્ટે.ના પોલીસ સ્ટાફ દ્વારા ૪૦ ગ્રામ સોનાના ચેન તથા રોકડ રૂપીયા સાથેનુ કુલ રૂા. ૨,૫૦,૦૦૦/- ની કીંમતનુ પર્સ ફક્ત ૨ કલાકમાં સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક સવેંદનપૂર્ણ કાર્યવાહીથી તૃપ્તીબેન દીક્ષીતભાઈ ભટ્ટ પ્રભાવિત થયેલ અને ખુબજ ભાવુક થઈ ગયેલ હતા અને તેમણે જણાવેલ કે આટલી કીંમતી વસ્તું પાછી મળશે તેવી તેમણે આશા છોડી દીધેલ અને નેત્રમ શાખા ખાતે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા અને નેત્રમ શાખા તથા ભવનાથ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.


ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
© 95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ક્ષાર કર્મચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેક્સ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઇલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.